કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દરમાસની ૧૧ તારીખે • સળંગ અંક ૧૫૮ • ઓગસ્ટ-૨૦૨૦



## કોરોનાના કપરા કાળમાં ગુરૂપૂર્ણિમા અને પ.પૂ.લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ નિમિત્તે ધર્મકુળની સાદગી પૂર્વક મંદિરે પધરામણી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

# પવિત્ર શ્રાવણમાસ માં આપણા વિવિધ મંદિરોમાં હિંડોળા દર્શન























# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૪ ● અંક : ૧૫૭

ઓગસ્ટ-૨૦૨૦

(મૂળ વર્ષ ૫૩)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
**Mo. : 9313719232**

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9313706095**
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | શ્રી સહજાનન્દ સ્વામીની સ્તુતિ | ૦૬ |
| ૦૪. | ચાતુર્માસ | ૧૨ |
| ૦૫. | શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી ગુરુ પૂર્ણિમા (૨૦૨૦) સંદેશરૂપી આશીર્વચન | ૧૪ |
| ૦૬. | આત્યંતિક કલ્યાણની ચાવી | ૧૬ |
| ૦૭. | પુલ્હાશ્રમની યાત્રા એટલે જીવનની અજોડ યાત્રા | ૧૮ |
| ૦૮. | "મુંઝવણ ટાળે શ્રીજી મહારાજ" | ૨૦ |
| ૦૯. | "મ્યુઝિયમ જોવા નહીં મ્યુઝિયમનાં દર્શન કરવા જવું છે !" | ૨૧ |
| ૧૦. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૨૨ |
| ૧૧. | સત્સંગ બાલવાટિકા | ૨૪ |
| ૧૨. | ભક્તિ સુધા | ૨૬ |
| ૧૩. | પ્રશ્નપેટી | ૩૦ |
| ૧૪. | સત્સંગ સમાચાર | ૩૧ |



શ્રી સ્વામિનારાયણ

# अस्मदीयम्

શ્રી શિક્ષાપત્રીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સૌ આશ્રિતોને ચાતુર્માસ ચોમાસાના ચાર મહિનામાં વિશેષ નિયમો ધારણ કરીને ભગવાનની પ્રસન્નતા થાય તેવું ભજન ભક્તિ કરવાની આજ્ઞા કરેલ છે. જે આજના સાંપ્રત સમયમાં તે આજ્ઞાનું સાચા અર્થમાં પાલન થાય તેવું વાતાવરણ પ્રાપ્ત થયું છે. જેમાં વિશેષ ધર્મ ભક્તિ જ્ઞાન વૈરાગ્યની સાથે મહાત્મ્યે સહિત પરાભક્તિનો આશ્રય કરીને જીવ માત્રએ પોતાના આત્માનું આત્યંતિક શ્રેય રૂપી મોક્ષ સાધી લેવો એજ આ ભયાનક કળિકાળમાં મળેલા માનવ જન્મની સાચી સાર્થકતા છે. અન્યથા ગમે તેવો મોટો વિદ્યાવાન કે જ્ઞાનવાન હોય તોય તેનું શું થાય છે તેની બહુ જ સ્પષ્ટતા પૂર્વક ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે જાતે લખેલ શ્રી શિક્ષાપત્રીના ૧૧૪ માં શ્લોકમાં આ રીતે આજ્ઞા કરી છે. गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत् परं फलम् ! कृष्णे भक्तिश्च सत्संगो अन्यथा विदो अधः । જગતના જીવોમાં જેટલાં પણ શુભ ગુણો છે તે સર્વ સદ્‌ગુણોનું ફળ જ એજ છે કે તેમાં સર્વાવતારી પરંબ્રહ્મ પરમાત્માના અનાદિ દિવ્ય સ્વરૂપમાં એકાંતિક નિશ્ચળ ભક્તિ આવે તેજ તે સર્વ સદ્‌ગુણોની સાર્થકતા છે. અન્યથા અર્થાત્ ભક્તિ વિના મોક્ષની પ્રાપ્તિ ભગવાનના અવિનાશી અક્ષરધામની પ્રાપ્તિ થાય નહીં. અક્ષરધામની પ્રાપ્તિ વિના જન્મમૃત્યુના સંસૃતિના ફેરામાં ઉદ્ધાર થતો નથી. આટલી વાતને આપણો સૌ એ સારી રીતે સમજી રાખીને સમય મળશે તેટલો વધારે ને વધારે તેનો ભક્તિ કરવામાં ઉપયોગ કરી લેવો. તેમાં જ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સમ્પૂર્ણ રાજીપો છે. તે દઢતા પૂર્ણ મનમાં ગાંઠ વાળી લેવી તે જીવ માત્રનું પરમ કર્તવ્ય છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જુલાઈ-૨૦૨૦)



૫ અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમાના રોજ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની આરતી ઉતારીને દર્શન કરી સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં સમસ્ત સત્સંગને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

૧૫ પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના દર્શન કરી સભામાં બિરાજીને સર્વે સંત-હરિભક્તોની શુભેચ્છા બદલ સૌ ઉપર ખૂબજ રાજી થઈ અંતઃકરણપૂર્વકના આશીર્વાદ આપ્યા હતા.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જુલાઈ-૨૦૨૦)

૫ અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમાના શુભ દિને કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની આરતી ઉતારીને દર્શન કરી સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં સમસ્ત સત્સંગને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

૧૫ અષાઢ વદ-૧૦ પોતાના જન્મોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના દર્શન કરી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે સભામાં બિરાજમાન થઈ ધામોધામના પૂજ્ય સંતો મહંતોની શુભેચ્છા સ્વીકારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.



# શ્રી સહજાનંદ સ્વામીની સ્તુતિ

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

॥ मंगलाचरण ॥

पातुं धर्ममधर्ममुत्खनयितुं श्रीभक्तिधर्मांगतो । जातायोत्तरकोसलेषु दयया सर्वेश्वराय च ॥
तृप्तिं वाक्यसुधारसैर्विदधते नैजैर्निजानां । मुहुस्तस्मै श्रीहरये नमोस्तु सहजानंदाय सद्वर्णिने ॥१॥
श्रीमन्नूतननीरदाभतनवे श्रीमाधुरीमूर्तये । त्वंगतुंगतरंगसंगिवृत्तये चञ्च्चच्चलद्वाससे ॥
नानाहार मनोहराय हरये यष्ट्या लसतपाणये । तस्मै श्रीगुरुवेऽभवाय सहजानंदाय वन्दामहे ॥२॥
श्रीमत्केतुयवाष्टकोणकमलस्वस्त्यूर्ध्वरे खासृणिभ्राजज्जम्बुफलाशनिश्रितलसद्दक्षाघ्रिमब्जप्रभम ॥
मत्स्यार्धेन्दुधनुस्त्रिकोणकलशव्योमोल्लसद्गोपदजुष्टादक्षपदं । स्मरामि सहजानंदं सदा तं मुदा ॥३॥
श्री धर्मधुरन्धरं सुखरं कारुण्यपाथोनिधिं सन्नाथ । निगमान्तगीतयशसं पाथोदनीलप्रभम् ॥
धर्मस्थीकृतभूतलं स्वमहसा धर्मात्मजं स्वामिनं । सदाधाम्नः पतिमक्षरस्य सहजानंदं हरिं तं भजे ॥४॥
यो भूमेरुदडीडयत्स्वमहसा वात्येव तुलं । सुरामांसप्राशमयोपधर्ममभितः कार्ष्णं वृषं पोषयन् ॥
स्वैश्वर्य समपप्रथल्लघु नृणां स्वान्तासुरोधाद्धरौ । श्रीस्वामी जयतीश्वरः स सहजानंदो ममानंददः ॥५॥
श्रीकृष्णाय तमोहराय हरये श्रीनीलकण्ठाय ते । श्रीनारायणनामधेयधृतये धर्मात्मजायाऽऽत्मने ॥
सद्धर्मावनसम्भवाय हरियुककृष्णाभिधायानिशं । षण्णामावलिसंयुताय सहजानंदाय वन्दामहे ॥६॥
परं तीर्थस्थानं ध्वजयवसरोजांकुशनभो । धनूरेखार्धेन्दुप्रभृतिशुभलक्ष्मांकितमपि ॥
श्रिया जुष्टं तद्यत्प्रणतजनपापप्रशमनं । पदाब्जं ते स्वामिन् वसतु सहजानंद हृदि मे ॥७॥
सर्वेषां पतिरात्मदः प्रभुरनंतेहोऽक्षरे संस्थितः । कारुण्येक्षण नीरजः सुखनिधिः सर्वज्ञईशः परः ॥
कल्याणऽमित दिव्यजन्मचरितोयो ब्रह्मणेऽध्यायपयद्वैदास्तं । प्रणमाम्यहं च सहजानंदं सदा धर्मजम् ॥८॥
यं ब्रह्मेश्वरदेवराज रवयो दिव्यैस्तुवन्ति स्तवैर्यं । वेदैः क्रमतः पदैश्चजटया गायन्ति सामर्षयः ॥
ध्यानेनात्मनी यंमहे प्रतिदिनं पश्यन्ति योगेश्वरायत्पारं । निगमां विदुर्न सहजानंदाय तस्मै नमः ॥९॥
कश्यैकस्य कुमंडलं हि शिरशः शेषश्य देशेस्थितं । यस्येदं फणिनः सहस्त्रशिरसां सिद्धार्थवद्राजते ॥

सोप्यस्यैश्च सहस्त्रशः प्रतिदिनं नूत्लानि यन्नामन्याह । सिताम्बराय सहजानंदाय तस्मै नमः ॥१०॥
ख्यातं धर्मकुलं गुणैर्भुविवरै यश्चाविरासीत्ततः कर्तुं । सद्विजतो यथा शशधर पूर्वाचलं पुष्कलः ॥
यस्यासन्मुनयोपि शुद्ध हृदय धन्याश्च सत्संगिन । संबन्धात्सततं समेऽस्तु सहजानंद प्रसन्नो हरिः ॥११॥
अतिक्षान्त्या दान्त्या मृदुलवचनैश्छादितमह । त्रिजातकयैश्वर्यादद्विलसितनृनाट्यय गुरवे ॥
वसानाय श्वेताम्बरयुगलमावार्धियशसे । नमस्तस्मै नित्यं हृदि भगवते ध्येयवपुषे ॥१२॥

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ ભૂમંડલ ઉપર માનવ દેહ ધારણ કરીને માતા પ્રેમવતી ભક્તિદેવી અને પિતા હરિપ્રસાદ વિપ્ર ધર્મદેવના આંગણે પ્રગટ થયા અને ચિરંજીવી મહામુનિ માર્કંડેય મુનિએ ચાર નામો પાડ્યા હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ અને નીલકંઠ અગિયાર વર્ષ પર્યંત માતા પિતાની સેવામાં રહ્યા અને પછી માતૃપિતૃ ઋણમાંથી મુક્ત થઈને મહાભિનિષ્ક્રમણ કર્યું. સાત વર્ષ પર્યન્ત મહા વનમાં વિચરણ કરીને ઉદ્ધવાવતાર શ્રી રામાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે ભાગવતી મહાદીક્ષા ધારણ કરીને સહજાનંદ સ્વામી અને નારાયણમુનિ એવા બે નામો ધારણ કર્યા. ત્યારથી પાંચસો પરમહંસો શ્રીહરિને તેમાંથી શ્રી સહજાનંદ સ્વામીના નામથી સૌને ઓળખાવતા અને સ્વયં નંદ સંતો તે નામથી જ શ્રીહરિની સ્તુતિ પ્રાર્થના પોતાની રચનાઓમાં હંમેશા કરતા હતાં. તેમાંથી કેટલીક રચનાઓમાંથી આ સ્તુતિના પ્રાર્થના શ્લોક છે. જેના શબ્દોનો ભાવાર્થ જોઈએ.

**પાતું ધર્મમધર્મમુત્ખનચિતું શ્રીભક્તિધર્માંગતો,**
**જાતાયોત્તરકોસલેષુ દયયા સર્વેશ્વરાય ચ ॥**
**તૃપ્તિં વાક્યસુધારસૈર્વિદધતે નૈજૈર્નિજાનાં મુહુસ્તસ્મૈ,**
**શ્રીહરયે નમોસ્તુ સહજાનંદાય સદ્વર્ણિને ॥૧॥**

ભગવાન શ્રીહરિએ પાંચ નંદ સંતો સદ્ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી, સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી, સદ્ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી, સદ્ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી અને સદ્ગુરુ શ્રી શુકાનંદ સ્વામીને પોતે કહેલાં વચનામૃતો જે સમગ્ર સંપ્રદાયમાં વિચરણ પ્રસંગે ગામો ગામ અને નગરે નગરોમાં ભક્તોની વિશાળ સભાઓમાં ઉપદેશ આપેલ છે. તે અમૃતમય વચનો જે તે સમયે લહ્યા સંતો પોતાની પાસે યાદ રાખવા માટે લખી લેતા હતાં તેને એકત્રીત કરીને પુનઃરૂક્તિ દોષ ન આવે અને ભાષાની પણ શુદ્ધિ થાય તેવી રીતે સમગ્ર વચનોને સંગ્રહિત કરવાની આજ્ઞા કરી. ત્યારે પાંચેય સંતો મળીને તે આજ્ઞાનું પાલન કરવા વચનામૃતો જે સંપ્રદાયમાં ૨૭૩ ની શુભ સંખ્યામાં પ્રસિધ્ધ છે. તેનું સંપાદન કરતા પહેલાં તે કાર્ય નિર્વિઘ્ન અને સંપૂર્ણ રીતે પૂર્ણ થાય તે હેતુથી શ્રીહરિની પ્રાર્થના રૂપ મંગલા ચરણ કરે છે તે આ સંસ્કૃત શ્લોક છે. મહા ભયાનક કળિકાળમાં વ્યાપી ગયેલાં સર્વત્ર હિંસા ક્રૂરતા માંસ મદિરાનું ભક્ષણ, દારૂ, જુગાર અને વ્યભિચાર જેવા અનેક દુષ્કર્મો રૂપી અધર્મ અને ધર્મના નામે દંભ આડમ્બર અને અંધ વિશ્વાસના વમળમાં ફસાયેલા ભોળા અને નિર્દોષ માનવીઓની અને ધર્મની રક્ષા કરવા માટે અને અધર્મનો નાશ કરવા માટે શ્રીધર્મદેવ અને ભક્તિદેવીને પોતાના માતાપિતા કરીને મનુષ્ય શરીર ધારણ કરીને ઉત્તર કોશલ દેશ જે સૂર્ય ગંગાના કિનારે વસેલાં નાનકડા એવા છપૈયા નામના ગામમાં સર્વ ઈશ્વરોના પણ ઈશ્વર મૂર્તિ જીવો ઉપર દયા કરૂણા કરીને પ્રગટ થયા છે. તે પરંબ્રહ્મ પરમાત્માના ભવસાગરથી પાર ઉતારનારા અમૃતમય દિવ્ય વચનોથી પોતાના આશ્રિત એવા પરમ એકાન્તિક પરમહંસો સાધુજનો સાત્વિક એવા ભક્તજનોને વારંવાર તેમનામાં રહેલાં અજ્ઞાન ને સંશયાત્મક બુદ્ધિને પોતાના અમૃત રસમય વાક્યોથી તૃપ્ત કરીને સંશય રહિત કરીને આત્યંતિક મહામોક્ષના અધિકારી કર્યા છે. એવા જગતના જીવ માત્રને સહજમાં સરળતાથી અક્ષરબ્રહ્મનો આનંદ આપનારા અને સદા શ્રેષ્ઠવર્ણી નૈષ્ઠિક બ્રહ્મચારીના જેવો શાંત સાત્વિક શ્વેત વેષ વસ્ત્રો ધારણ કરનારા ભગવાન શ્રીહરિ મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામીના ચરણોમાં અમે સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત વંદન નમસ્કાર કરીએ છીએ (૧)

**શ્રીમન્નૂતનનીરદાભતનવે શ્રીમાધુરીમૂર્તયે,**
**ત્વંગતુંગતરંગસંગિવૃત્તયે ચઞ્ચચ્ચલદ્વાસસે ॥**
**નાનાહાર મનોહરાય હરયે યષ્ટ્યા લસત્પાણયે,**
**તસ્મૈ શ્રીગુરૂવેડભવાય સહજાનંદાય વન્દામહે ॥૨॥**

ભગવાન શ્રીહરિ જ્યારે વિચરણ કરતાં હોય ત્યારે તેમની સુંદર મૂર્તિને જોવા કે દર્શન કરવા આવનારા મનુષ્યોને કેવા દેખાય છે અને કેવા દર્શન થાય છે તેનું વર્ણન આ શ્લોકમાં છે. તેના શબ્દોનો ભાવાર્થ વિચારીએ. શ્રી શોભા ધન સંપત્તિ વૈભવ શક્તિ સામર્થ્ય ઐશ્વર્યાદિથી યુક્ત એવા ભગવાન શ્રીહરિનું દિવ્ય માનવ સ્વરૂપ મૂર્તિઓ શરીરનો રંગ આકાશમાં અષાઢ માસમાં ચડી આવેલાં નવીન મેઘના આડંબર ગોટે ગોટામાં ઘેરાયેલા વાદળોના જેવો શ્યામ છે. જોનારા દર્શન કરવા વાળા ભક્તોના હૃદયમાં તે સુમધુર મૂર્તિ વસી જાય છે. અને જ્યારે તે પ્રભુ પોતાના માનીતા અતિ ઉંચા અશ્વ ઉપર આરોણ કરે છે અશ્વારી કરે છે ત્યારે તે અશ્વનો ઘોડાનો વેગ એવો છે જાણે સમુદ્રના મોજાઓ ઉછળતા હોયને શું! તેમ તે અશ્વ તીવ્ર વેગથી રેવાળ ચાલમાં ચાલવાં માંડે છે. ત્યારે શ્રીહરિના વસ્ત્રો કોઈ ચંચળ મનવાળા વ્યક્તિના મનમાં જેમ અનેક વિચારો અને કલ્પનાઓના તરંગો ઉઠે છે તેમ આકાશમાં વસ્ત્રો ફરકે છે તે સાધારણ મનુષ્યની દૃષ્ટિમાં પણ આવતાં નથી. અર્થાત ઓળખી શકતાં નથી કે વસ્ત્રો કેવા રંગના છે કે કેવી ભાતના છે. તે પ્રભુ જ્યારે દેશાન્તરોમાં વિચરણ કરતાં હોય ત્યારે જે ગામ કે નગરમાં પધારે છે ત્યારે ત્યાં ભક્તો શ્રીહરિનું સ્વાગત કરવા માટે પોત પોતાના હાથમાં સુગન્ધીત પુષ્પોના સુંદર હાર ગૂંથીને લઈને આવે છે ત્યારે મોટી સંખ્યામાં ભક્તો હોય તેથી તેમના સર્વના હારોને પ્રેમ પૂર્વક પોતાના હાથ લાંબા કરીને તે સ્વીકારે છે અને ક્યારેક અતિ વધારે ભક્તોનો સમૂદાય હોય ત્યારે તો પોતાના હાથમાં રહેલ સોનાની છડીથી તે પુષ્પના હારને સ્વીકારી લે છે. ત્યારે ભક્તો તો અતિ હર્ષમાં આનંદમાં ગરકાવ થઈ જાય છે. તેવા મારા પરમ ગુરૂ અને ઈષ્ટદેવ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી જે સૌને ભવસાગરના બંધનથી છોડાવનારા છે. તેમના ચરણોમાં હું સાષ્ટાંગ દંડવત પ્રણામ વંદન નમસ્કાર કરૂં છું. (૨)

**શ્રીમત્કેતુયવાષ્ટકોણકમલસ્વસ્ત્યૂર્ધ્વરે, ખાસૃણિભ્રાજ**
**જજમ્બુફલાશનિશ્રિતલસદ્દક્ષાઘ્રિમબ્જપ્રભમ્ ॥**
**મત્સ્યાર્ધેન્દુધનુસ્ત્રિકોણકલશવ્યોમોલ્લસદ્ગોપદજુષ્ટાદ**
**ક્ષપદં, સ્મરામિ સહજાનંદં સદા તં મુદા ॥૩॥**

ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામી મનુષ્ય દેહ ધારણ કરીને પ્રગટ પ્રમાણ ભૂમંડલ ઉપર વિચરણ કરે છે. તેમના પાવનકારી ચરણ યુગલમાં સોળ ચિન્હ છે. તેનું સ્મરણ કરવા માટે સદા યાદ રાખવા માટે આ સ્તુતિમાં વર્ણન કરેલ છે. સૌ પ્રથમ શ્રીહરિના જમણા ચરણમાં જે દિવ્ય ચિન્હો છે તેનું સ્મરણ કરે છે. અતિ શોભાયમાન યશ, કીર્તિ અને આધિપત્યનું પ્રતિક સમાન કેતુ અર્થાત ધ્વજ ધજા છે. પોષક અને જીવનનું પ્રતિક ધાન્ય યવ અર્થાત જવના ચિન્હના દર્શન થાય છે. આઠેય દિશામાં જેમની દયા અને કરૂણા જીવો ઉપર છે તેનું અષ્ટકોણનું ચિન્હ વિરાજમાન છે. ધન સંપત્તિ લક્ષ્મીનું પ્રતિક કમળનું ચિન્હ સુંદર લાગે છે. મંગળ અને શુભ કાર્યોમાં સદા જેમની હાજરીનું પ્રતિક સ્વસ્તિક સાથિયાનું ચિન્હ વિરાજમાન છે. આશ્રિતોને અને શરણે આવેલાને ઉર્ધ્વગતિ આપનાર આત્યન્તિક મોક્ષ ગતિ આપનાર ઉર્ધ્વરેખાનું ચિન્હ ધારણ કરેલ છે. અંતઃશત્રુઓ અને બળવાન ઈન્દ્રિય સમૂદાયને વશ રાખવાના પ્રતિક સમાન અંકુશના ચિન્હને ધારણ કરેલ છે. ઔષધીઓ અને નિરોગીતાના પ્રતિક સમ જાંબુના ફળનું ચિન્હ શોભી રહ્યું છે. સત્તાને અધિકારનું પ્રતિક વજ્રનું ચિન્હ વિરાજમાન છે. એવા સુશોભિત જમણા ચરણનું સ્મરણ કરૂં છું. તેવી જ રીતે શ્રીહરિના ડાબા ચરણમાં જે ચિન્હો છે તે પરમાત્માના સ્વરૂપમાં નિઃસ્વાર્થ પ્રેમ અને નિષ્ઠાનું પ્રતિક માછલીનું ચિન્હ ધારણ કરેલ છે. શિવજીના જેમ તપ અને ત્યાગના પ્રતિક અર્ધ ચંદ્રનું ચિન્હ વિરાજમાન છે. દુષ્ટો દાનવો અને પાપીઓને દંડ દેનારાનું પ્રતિક ધનુષનું ચિન્હ ધારણ કરેલ છે. એવું જ ત્રિકોણ અને કળશ જે જીવ માત્રને પૂર્ણતા અને સંતોષ આપનારા છે. માયા અને માયાના કાર્યોમાં સદા નિર્લેપપણાના પ્રતિક વ્યોમ અર્થાત આકાશનું ચિન્હ વિરાજમાન છે. પવિત્રતાના પ્રતિક ગોપદ ગાયના પગલાનું ચિન્હ ધારણ કરેલ છે. એવા ચિન્હોથી સુશોભિત બેય ચરણનું ચિંતવન કરૂં છું. (૩)

**શ્રી ધર્મધુરન્ધરં સુખકરં કારૂણ્યપાથોનિધિં સન્નાથ,**
**નિગમાન્તગીતયશસં પાથોદનીલપ્રભમ્ ॥**
**ધર્મસ્થીકૃતભૂતલં સ્વમહસા ધર્માત્મજં સ્વામિનં,**
**સદાધામ્નઃ પતિમક્ષરસ્ય સહજાનંદં હરિં તં ભજે ॥૪॥**

શ્રીમત્ શ્રી જે લક્ષ્મી શોભા સંપત્તિ ધન વૈભવ સત્તા વિગેરેથી યુક્ત સમ્પન્ન હોવા છતાં ભાગવત ધર્મને સદ્ધર્મને પોતાની એક જવાબદારીની જેમ સારી રીતે વહન કરે છે ધારણ કરે છે. તે સર્વ જીવને સુખકારી છે. જન્મ મૃત્યુના દુઃખથી છોડાવીને આત્યન્તિક મોક્ષ રૂપ મહા સુખ આપવા માટે છે. કારણ કે જેમના હૃદયમાં હંમેશા સાગર જેટલી અગાધ અતિશે દયા અને કરૂણા જીવોના ઉપર રહે છે. એવી કરૂણા કરીને જીવોને જાણે પોતે અનાથ નથી તેવો ભાસ કરાવે તેનું ગાન નિગમ અને આગમ વેદો ઉપનિષદો સત્શાસ્ત્રો અને પુરાણોમાં થાય છે. જીવોને સરળતાથી મહા દુર્લભ એવો મોક્ષનો માર્ગ વિશુદ્ધ અને સાત્વિક પણે મળે અને તે માર્ગે ચાલીને સુખીયા કરે છે. સમગ્ર પૃથ્વીને આ જ માર્ગે ચાલીને જીવનમાં સુખ મેળવવાનું સાધન સ્વયં કરી આપે છે. તે પણ પોતાના સ્વસામર્થ્યથી અર્થાત સ્વયં પરમાત્મા પોતે જ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઈને ભૂમંડલ ઉપર વિચરણ કરે છે. તે જ તેમની મહાનતા છે. પણ પોતે તો સ્વયં સમગ્ર બ્રહ્માંડોના અધિપતિ સ્વામી છે અને હંમેશા પોતાનું જે દિવ્ય ધામ અક્ષરધામ તેમાં સદા દિવ્ય ચૈતન્ય સ્વરૂપે અનંતકોટી અક્ષરમુક્તોના નિયંતા પતિ સ્વરૂપે વિરાજમાન છે તે શ્રીહરિ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીપુરુષોત્તમનારાયણ આજ પ્રગટ પ્રમાણ આ મારા પ્રભુ શ્રી સહજાનંદ સ્વામી છે. તેમની મૂર્તિનું હું ભજન કરૂં છું. (૪)

**યો ભૂમેરૂદડીડયત્સ્વમહસા વાત્યેવ તુલં,**
**સુરામાંસપ્રાશમયોપ ધર્મમભિતઃ કાર્ષ્ણ વૃષં પોષયન્ ॥**
**સ્વૈશ્વર્ય સમપપ્રથલઘુ નૃણાં સ્વાન્તાસુરોધાદ્ધરૌ,**
**શ્રીસ્વામી જયતીશ્વરઃ સ સહજાનંદો મમાનંદદઃ ॥૫॥**

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારના અવતારી પરંબ્રહ્મ પરમેશ્વર ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામી આ ભૂમંડલ ઉપર પ્રગટ થઈને મનુષ્ય દેહ ધારણ કરીને વિચરણ કરતાં હતાં ત્યારે તેમના પોતાના મહાપ્રતાપથી જેમ ભયાનક વંટોળ સાઈકલોન આવે ને સર્વ પ્રદાર્થ માત્રને પોતાની જુટમાં લઈને ઉડાડી મુકે છે. તેવી જ રીતે પોતાના અલૌકિક દિવ્ય પ્રતાપથી ભગવાન શ્રીહરિએ માંસ મદિરાનું પાન કરનારા દારૂ માટી ચોરીના રવાડે ચડી ગયેલાં કેટલાય સમુદાયોને વ્યક્તિઓને લોકોને તેમાંથી ઉગારીને સાત્વિક બનાવ્યા છે. તેમજ ખોટો ધર્મ જેને શાસ્ત્રોમાં ઉપધર્મ કહે છે. દેવી દેવતાઓ આગળ નિર્દોષ પશુની હિંસા કરવી તેનું બલિદાન ચડાવવું. મંત્ર તંત્ર અને અંધ વિશ્વાસમાં અભિભૂત થઈ ગયેલા ભોળા માનવોને તેમાંથી બહાર ખેંચી લાવીને સાચી ધર્મની સમજણ આપીને તેમાંથી છોડાવ્યા છે. અને સદ્ધર્મનું પોષણ કરીને તેને સુદઢ બનાવ્યો છે. એવા પોતાના દિવ્ય અલૌકિક પ્રતાપનો સર્વ કોઈ જ્ઞાની અજ્ઞાની ગરીબ કે તવંગર શ્રેષ્ઠ કે કનિષ્ઠના ભેદભાવ વિના સૌ મનુષ્યને એક સરખો લાભ અપાવ્યો છે. અને પોતાની પાસે આવેલા કોઈ પણ અધમમાં અધમ કે પાપીમાં પાપી જીવને પણ તેનો ઉદ્ધાર થાય, સારી રીતે સુખ શાંતિ મેળવી શકે તેવો માર્ગ બતાવનારા મારા ઈષ્ટદેવ પ્રભુ શ્રીહરિ સહજાનંદ સ્વામીનો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૫)

**શ્રીકૃષ્ણાય તમોહરાય હરયે શ્રીનીલકણ્ઠાય તે,**
**શ્રીનારાયણનામધેયધૃતયે ધર્માત્મજાયાડડત્મને ॥**
**સદ્ધર્માવનસમ્ભવાય હરિયુક્કૃષ્ણાયભિધાયાનિશં,**
**ષણ્ણામાવલિસંયુતાય સહજાનંદાય વન્દામહે ॥૬ ॥**

આ સ્વપ્ન રૂપ સંસારમાં માયાના મહા અંધકારમાં દુઃખ ભોગવતા જીવોના હૃદયમાંથી અહં મમત્વ રૂપ અજ્ઞાન તમોગુણના પરિપાક રૂપ જન્મ મૃત્યુના ભયથી મુક્ત કરીને ત્રિગુણાત્મિકા માયામાંથી આકર્ષણ કરીને ખેંચીને બહાર કાઢવા માટે જેમણે તે જ માયામાં પ્રવેશ કરીને માનવ રૂપ ધારણ કર્યું છે. અને જેમનું શ્રીકૃષ્ણ એવું સાર્થક નામ મહામુનિ માર્કંડેય ઋષિએ આપેલ છે. સમગ્ર આશ્રિતો ભક્તો અને શરણાગત જીવ માત્રના કષ્ટોને હરનારા હરિ એવું વાસ્તવિક નામ પણ ધારણ કરેલ છે. તે જ પ્રભુએ જગતના જીવોને પોતે સ્વયં આચરણ કરીને શિક્ષણ આપવા અતિ કઠોર તપશ્ચરણ કરવા માટે નીલકંઠ એવું શ્રેષ્ઠ નામ અંગીકાર કરેલ છે. તે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિ પુરુષોત્તમનારાયણ પોતે શ્રી સ્વામિનારાયણ ષડક્ષરી દિવ્ય નામ ધારણ કરનારા સ્વયં

પોતે જ છે. તે સ્વયં પરમેશ્વર ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઈને સદ્ધર્મ ભાગવત ધર્મની સંભાવના કરવા તેનું રક્ષણ કરવા અને તેને પુનઃ પરિષ્કૃત પરિશુદ્ધ કરીને વિશુદ્ધ રૂપને વિસ્તારવા હરિ અને કૃષ્ણ સાથે નામો ધારણ કરીને હરિકૃષ્ણ એવા શ્રેષ્ઠ નામોએ યુક્ત મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામીના શ્રી ચરણોમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત નમસ્કાર વંદન કરૂં છું. (૬)

**પરં તીર્થસ્થાનં ધ્વજયવસરોજાંકુશનભો,**
**ધનૂરેખાર્ધેન્દુપ્રભૃતિશુભલક્ષ્માંકિતમપિ ॥**
**શ્રિયા જુષ્ટં તદ્યત્પ્રણતજનપાપપ્રશમનં,**
**પદાબ્જં તે સ્વામિન્ વસતુ સહજાનંદ હૃદિ મે ॥૭॥**

જેમના શ્રી ચરણોમાં સમગ્ર તીર્થસ્થળો નિવાસ કરીને રહે છે. તીર્થત્વના કારણ રૂપ એવા જે સોળ ચિન્હો જેમાં ધ્વજ ધજાનું નિશાન ઝંડો જેમ રાષ્ટ્રનું નિશાન હોય છે તેમ તીર્થત્વનું પ્રતિક છે. યવનું ચિન્હ જવ અન્નનું પ્રતિક સરોવરમાંથી ઉત્પન્ન સરોજ કમળ અંકુશ અને આકાશનું ચિન્હ ધનુષ ઉર્ધ્વરેખા ચંદ્ર આદિ જે સામુદ્રિક શાસ્ત્રમાં કહેલાં ભગવાનપણાના શુભ પ્રતિક રૂપ ચિન્હો જેમના ચરણોમાં વિરાજમાન છે. અને જેમના ચરણોની સેવામાં સદા જોડાઈને રહેલાં સાક્ષાત્ લક્ષ્મીજી તેઓ પણ જે કોઈ આ ચરણાર્વિંદનું સેવન કરે છે તેમની સાથે જોડાઈ જાય છે. અને શરણાગતજનોનાં જીવોના સમગ્ર પાપો પ્રારબ્ધ સંચિત અને ક્રિયામાણનો નાશ કરીને આત્યંતિક મોક્ષના મહા ભાગ્યશાળી કરે છે. એવું જેમના ચરણોમાં સામર્થ્ય છે. તે મારા ઈષ્ટદેવ પ્રભુ સહજાનંદ સ્વામી મારા હૃદયમાં સદા નિવાસ કરીને રહો એવી નમ્ર પ્રાર્થના કરૂં છું. (૭)

**સર્વેષાં પતિરાત્મદઃ પ્રભુરનંતેહોડક્ષરે સંસ્થિતઃ,**
**કારૂણ્યેક્ષણ નીરજઃ સુખનિધિઃ સર્વજ્ઞઈશઃ પરઃ ॥**
**કલ્યાણડમિત દિવ્યજન્મચરિતો યો બ્રહ્મણેડધ્યાપયદ્વેદાસ્તં,**
**પ્રણમામ્યહં ચ સહજાનંદં સદા ધર્મજમ્ ॥૮॥**

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી પાંચસો પરમહંસો સંપ્રદાય સંબંધી સત્શાસ્ત્રોની રચના કરવામાં લાગી ગયા હતાં. તેમાં જેમને જે ભાષાનું જ્ઞાન હતું તે તે ભાષાઓમાં જગતના જીવને સમજાવવાનારા ગ્રંથોની રચના કરી. તે જ રીતે સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામીએ પોતાના ગ્રંથરાજ શ્રીહરિકૃષ્ણ લીલામૃતમાં પોતાના ઈષ્ટદેવની પ્રાર્થના જે કરી છે તેના શબ્દોનો ભાવાર્થ સમજવાનો પ્રયત્ન કરીએ..... પરંબ્રહ્મ પરમેશ્વર સર્વષાં અનંતકોટી બ્રહ્માંડના સમગ્ર વિશ્વના પતિ નિયંતા સ્વામી અંતર્યામી જીવાત્માઓને પોતાના જ સ્વરૂપનું જ્ઞાન આપનારા સ્વને ઓળખાવનારા પ્રભુ શાસક નિયમન કરનારા વિશ્વમાં બ્રહ્માંડોમાં અનંતરૂપો ધારણ કરનારા છતાં પોતાના દિવ્ય અક્ષરધામમાં સદા દિવ્ય અને દ્વિભુજ સાકાર મૂર્તિ વિરાજમાન એવા ભગવાન કમળ જેવા વિશાળ નેત્રોથી કરૂણામય દૃષ્ટિથી સમસ્ત વિશ્વના જીવોને દુઃખી થતાં જોઈને સુખના નિધિ સાગર એવા અને સર્વજ્ઞ અન્તર્યામી રૂપે બધુંજ જાણે છે. તે જ સર્વત્ર વ્યાપક છે તે પણ કોઈથી ન જાણી શકાય તેવા છે. અર્થાત સર્વથી પર છે. તે ઈશ્વર એવા ભગવાન સ્વયં પોતે અજન્મા હોવા છતાં જીવોનું કલ્યાણ કરવા માટે દિવ્ય ચરિત્રો કરવા માટે પૃથ્વી ઉપર જન્મ ધારણ કરે છે. પ્રગટ થાય છે. સૌ પ્રથમ પ્રગટ થઈને દર્શન આપીને જેમણે પિતામહ બ્રહ્માંજીને વેદોનું દિવ્ય જ્ઞાન આપ્યું હતું તે પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રીહરિ ધર્મદેવના પુત્ર રૂપે અવતાર ધારણ કરીને શ્રી સહજાનંદ સ્વામીના નામથી વિચરણ કરે છે તેમના શ્રી ચરણોમાં હું સાષ્ટાંગ દંડવત પ્રણામ કરૂં છું. (૮)

**યઃ બ્રહ્મેશ્વરદેવરાજ રવયો દિવ્યૈસ્તુવન્તિ સ્તવૈર્ય,**
**વેદૈઃ ક્રમતઃ પદૈશ્ચજટયા ગાયન્તિ સામર્ષયઃ ॥**
**ધ્યાનેનાત્મની યંમહે પ્રતિદિનં પશ્યન્તિ યોગેશ્વરાયત્પારં,**
**નિગમાં વિદુર્ન સહજાનંદાય તસ્મૈ નમઃ ॥૯॥**

શ્રીમદ્ સત્સંગિભૂષણ ભક્તિશાસ્ત્રમાં વાસુદેવાનંદવર્ણી વ્યાપકેશ નામના મહામુનિના મુખથી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ જે હાલ કળિકાળમાં શ્રી સહજાનંદ સ્વામી નામ ધારણ કરીને ભૂમંડલ ઉપર વિચરણ કરે છે તેમના સ્વરૂપના વર્ણન રૂપ સ્તુતિ પ્રાર્થના કરતાં કહે છે. જે મારા ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણની જગતના સૃષ્ટા પિતામહ બ્રહ્માજી ઈશ્વરમૂર્તિ મહાદેવજી શિવજી ત્રિલોકાધિપતિ દેવતાઓના રાજા ઈન્દ્ર જગતને પ્રકાશિત કરનાર સૂર્યદેવ આદિ દેવો દિવ્ય સ્વરૂપે વેદની શ્રુતિઓ

મંત્રો અને સૂક્તોથી સ્તુતિ પ્રાર્થના કરે છે. વિદ્વાન બ્રાહ્મણો પંડિતો સામવેદના ગીતોથી પદ ક્રમ અને જટાએ સહિત ગાન કરે છે. અને જેમના સ્વરૂપને સનકાદિક ચાર કુમારો યોગેશ્વરો સિદ્ધો ઋષિમુનિઓ તેજોમય પોતાના આત્મસ્વરૂપમાં અન્તર્યામી રૂપે પોતાના હૃદય કમળમાં નિત્ય પ્રતિદિન દર્શન કરે છે. જેમના મહિમાને વેદની શ્રુતિઓ પણ પુરેપુરુ વર્ણન કરી શકતાં નથી. એવા સહજાનંદ નામે વિચરણ કરતાં મારા ઈષ્ટદેવ પ્રભુને મારા સાષ્ટાંગ દંડવત પ્રણામ નમસ્કાર કરૂં છું. (૯)

**કશ્ચૈકસ્ય ફુમંડલં હિ શિરશઃ શેષશ્ય દેશેસ્થિતં,**
**યસ્યેદં ફણિનઃ સહસ્રાશિરસાં સિદ્ધાર્થવદ્રાજતે ॥**
**સોપ્યસ્યૈશ્ચ સહસ્રશઃ પ્રતિદિનં નૂત્નાનિ યન્નામાન્યાહ,**
**સિતામ્બરાય સહજાનંદાય તસ્મૈ નમઃ ॥૧૦॥**

પરમાત્મા ભગવાન શ્રીહરિ નારાયણના નાભિકમળમાં ઉત્પન્ન થયેલાં બ્રહ્માજીને જગતનું સર્જન કરવાની આજ્ઞા કરી ત્યારે પૃથ્વીને ભૂમંડલને સ્થિર રાખવા માટે બ્રહ્માજીની પ્રાર્થનાથી ભગવાને શેષનારાયણજીને પ્રેરણા કરી તે શેષનારાયણના એક હજાર મસ્તકો છે. તેમાંથી કોઈ એક મસ્તક ઉપર શેષજીએ આ પૃથ્વીને ભૂમંડલને જેમ કોઈના માથામાં રાઈનો દાણો મુકી રાખ્યો હોય તેમ મુકીને સ્થિર રાખી છે. એવા સમર્થ શેષજી પણ પોતાના હજારે હજાર મસ્તકના મુખોથી દરરોજ નિત્ય પ્રતિ ભગવાન શ્રીહરિના નવીન નવીન નામોનું ગુણગાન કરે છે. તો પણ જે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન પુરુષોત્તમનારાયણના દિવ્ય નામોનો પાર આવતો જ નથી એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી જે સદા શ્વેત વસ્ત્રો ધારણ કરીને આ કળિકાળમાં વિચરણ કરે છે તેમના શ્રી ચરણોમાં હું વાસુદેવાનંદ વર્ણી સાષ્ટાંગ દંડવત પ્રણામ સહ નમસ્કાર કરૂં છું. (૧૦)

**ખ્યાતં ધર્મકુલં ગુણૈર્ભુવિવરૈ યશ્ચાવિરાસીત્તતઃ કર્તું,**
**સદ્વિજતો યથા શશધર પૂર્વાચલં પુષ્કલઃ ॥**
**યસ્યાસન્મુનયોપિ શુદ્ધ હૃદય ધન્યાશ્ચ સત્સંગિન,**
**સંબન્ધાત્સતતં સમેડસ્તુ સહજાનંદ પ્રસન્નો હરિઃ ॥૧૧॥**

પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવા માટે વાસુદેવાનંદ વર્ણીરાજ તે પ્રભુના કેવા ગુણો છે તેનું વર્ણન કરે છે. જેમ રાત્રિના મહાભયંકર અંધકારમાં ઢંકાઈ ગયેલાં પર્વતાધિરાજ ઉદયાચલ હિમાલયને પ્રકાશિત કરવા માટે જ જેમ પૂર્ણિમાના ચંદ્રનો ઉદય થાય છે તેમ પોતાના જ કુળ એવા ધર્મકુળને તેનામાં રહેલાં શ્રેષ્ઠ પરોપકારી દિવ્ય ગુણોને પ્રકાશિત કરવા માટે જ ધર્મના અવતાર રૂપે પ્રગટેલાં પોતાના જ પિતા હરિપ્રસાદ વિપ્રના ઉત્તમ સર્વશ્રેષ્ઠ કુળમાં માનવ દેહ ધારણ કરીને પ્રગટ થયા છે. તે પ્રભુના સંબંધથી વિદ્વાનોની વિદ્વતા બ્રાહ્મણોનું બ્રાહ્મણત્વ સોળેય કળાએ કરીને ખીલી ઉઠ્યું છે. તેમજ તે શ્રીહરિના યોગે કરીને મોટા મોટા મુનિજનોના દિવ્ય કલ્યાણકારી સદ્‌ગુણોથી અનંત જીવોનો ઉદ્ધાર થયો છે. અને તેમના સંબંધથી જ અસંખ્ય સદ્‌ગૃહસ્થોના પણ મન અંતઃકરણ શુદ્ધ પવિત્ર અને નિર્મળ બન્યા છે. તેથી તેઓ પણ કૃતકૃત્ય થયા છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી મારા ઉપર પ્રસન્ન થાય તેવી હું પ્રાર્થના સ્તુતિ કરૂં છું. (૧૧)

**અતિક્ષાન્ત્યા દાન્ત્યા મૃદુલવચનૈશ્છાદિતમહ,**
**ન્નિજાતકર્યૈશ્વર્યાદદ્વિલસિતનૃનાટ્યાય ગુરવે ॥**
**વસાનાય શ્વેતામ્બરયુગલમાવાર્ધિયશસે,**
**નમસ્તસ્મૈ નિત્યં હૃદિ ભગવતે ધ્યેયવપુષે ॥૧૨॥**

મોક્ષની ઈચ્છાવાળા મુમુક્ષુને ધ્યાન કરનારા ધ્યાનીઓને અને મુક્તોને મહામુક્તોને અને અક્ષરમુક્ત પર્યન્ત સૌને ધ્યાન કરવા યોગ્ય એવા પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ પુરૂષોત્તમનારાયણનું દિવ્ય સ્વરૂપ કેવું પોતાને ધ્યાનમાં દેખાય છે દર્શન થાય છે તેની આછી ઝલક અહિં આ શ્લોકમાં વર્ણન કરે છે. પોતાના આશ્રિત ભક્તો ઉપર જેમના હૃદયમાં અતિશે ક્ષમાનો ભાવ ભરેલો છે. તેમજ દુઃખી જગતના ગરીબ યાચક જીવો ઉપર અતિ ઉદારતાથી મન માગ્યા વરદાન આપવાને અમૃત જેવા મધુર વચનો કહીને તેમના હૃદયમાં પરમ શાંતિ કરે છે. પોતાના મહાન ઐશ્વર્ય જેની કોઈ કલ્પના પણ ન કરી શકે તેવા અપાર સામર્થ્યની સાથે મનુષ્ય શરીર ધારણ કરીને જ્યારે જગતમાં વિચરણ કરે છે ત્યારે સાધારણ માણસોના જેવા પણ અતિ પવિત્ર અને સ્વચ્છ અને શાંતિ આપનારા સદા શ્વેત વસ્ત્રો પોતાના અંગ ઉપર ધારણ કરે છે. તે બેય પ્રકારના વસ્ત્રો અંગ વસ્ત્ર અને ઉત્તરિય વસ્ત્ર દર્શન કરનારાને યશ અને નિશઃકંલક કીર્તિનો પ્રસાર ફેલાવો કરે છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વરૂપનું હું મારા હૃદયમાં ધ્યાન કરૂં છું. (૧૨)



તેમજ તેનું યથાર્થ અનુસરણ કરી શકાય તેવા નિયમો-સિધ્ધાંતો-ધર્મોને સાર સાર રૂપે શ્રીહરિના સ્વહસ્તે સંક્ષેપમાં શિક્ષાપત્રીમાં કહેવામાં આવ્યા છે.

ચાતુર્માસના વિશેષ નિયમો સંબંધી જે આજ્ઞા કરી તે બાબતમાં પુરાણોમાં નજર કરીએ તો બહુ વિસ્તૃત અનેક કથાઓ લખવામાં આવી છે. તેમાંથી એક પ્રસંગના માધ્યમથી ચાતુર્માસના વિશે વિશેષ નિયમોનું રહસ્ય તાત્પર્ય જાણીએ. જેના વડે ચાતુર્માસના વિશેષ નિયમો રાખવા અંગેની આકર્ષણ-મહત્વતાને જરૂર વેગ મળશે.

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

# ચાતુર્માસ

આપણા ઈષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામીએ સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રી શ્લોક નં. ૭૬-૭૭-૭૮ માં ચાતુર્માસ સંબંધિત લખ્યું છે કે “અમારા જે સર્વે સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો અને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો અને તે વિશેષ નિયમ તે કિયા, તો ભગવાનની કથાનું શ્રવણ કરવું. તથા કથા વાંચવી, તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું. તથા પંચામૃતસ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી તથા ભગવાનના મંત્રનો જાપ કરવો. તથા સ્તોત્રનો પાઠ કરવો તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા. એ જે આઠ પ્રકારના નિયમ તે અમે ઉત્તમ માન્યા છે તે માટે એ નિયમમાંથી કોઈ એક નિયમ જે તે ચોમાસાને વિષે વિશેષ પણે ભક્તિએ કરીને ધારવો.

આદિ અનાદિ પ્રાચીનકાળમાં ઋષિમુનિઓએ જે પુરાણો ઉપનિષદો - સંહિતાઓ રૂપે જે જે શાસ્ત્રો લખ્યા છે તેમાંથી બહુ જ જરૂરી કળિયુગના માણસને યોગ્ય જરૂરી

ચાતુર્માસનો પ્રારંભ અષાઢ સુદી એકાદશીથી થાય. તેમાં કદાચ શરત ચૂક થાય તો બારસ કે પૂર્ણિમાથી પણ શરૂ કરી શકાય છે. તેની પૂર્ણાહૂતિ કાર્તિક સુદી બારસના દિવસે કરવામાં આવે છે.

ચાતુર્માસની કથાઓનો વિષ્ણુપુરાણ આદિ શાસ્ત્રોમાં વિશેષ મહિમા કહ્યો છે. તેમાં ખાન-પાનના સંયમ-નિયમને અધિક પ્રધાનતા કહી છે. જેમ કે, શ્રાવણ મહિનામાં શાકભાજી, ભાદ્રપદ (ભાદરવા)માં દહીં આસો માસમાં દૂધ, કાર્તિક માસમાં દાલ (દ્વિદલ) નો ત્યાગ કરવો. ચાર વર્ણ ચાર આશ્રમના સમસ્ત મનુષ્યોએ ચાતુર્માસ દરમિયાન રીંગણા-બહુ બીજવાળા શાકભાજી તથા જેમાં કોઈ બીજ ન હોય તેવા ફળનો ત્યાગ કરવો. (શેરડી આદિ) દગ્ધાન્ન એટલે શેકેલા અનાજ (શેકેલા ચણા આદિ) મસુરદાળ, કાળીંગડુ, મૂળો - મોગરી આદિક વસ્તુનો ત્યાગ કરવો.

નિયમો - ખાટલા ઉપર સૂવુ નહિ. ભૂમિ શયન કરવું, ભૂમિ ઉપર બેસી ભોજન કરવું, ક્ષૌર કર્મ ન કરવું, પાન ન ખાવું, દૂધ-દહીં-ઘી-ગોળના ત્યાગના નિયમો.

સાથે ભક્તિ સંબંધી નિયમોનું પણ ઘણું મહત્વ છે. નિયમપૂર્વક પુરાણનો સંહિતાપાઠ અને વેદપાઠ,

ભગવાનની કથાનું શ્રવણ કરવું, ભગવાનની મહાપૂજા, શારીરિક શક્તિ અનુસાર પ્રદક્ષિણા તથા દંડવત દરરોજ એક હજાર તુલસીપત્ર વડે ભગવાનનું પૂજન - આ બધા ચાતુર્માસ સંબંધી વ્રતો છે.

ચાતુર્માસના મહિમા વિશે શાસ્ત્રોમાં કથા લખવામાં આવી છે કે આ જગતની પરબ્રહ્મ પરમાત્માએ ત્રિગુણાત્મક શક્તિ વડે રચના કરીને સ્વયં ભગવાને સત્વ-રજ-તમો ગુણનો સ્વીકારીને બ્રહ્મા-વિષ્ણુ-શિવ ત્રિદેવ સ્વરૂપ ધારણ કર્યું અને સમસ્ત બ્રહ્માંડની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલય ત્રણ કાર્યો અલગ અલગ શક્તિઓ વડે કરે છે. બ્રહ્માજી ઉત્પત્તિ કાર્ય કરે છે. મહાકાલ મહાદેવ સંહારનું કાર્ય કરે છે અને પાલકનું કાર્ય શ્રીવિષ્ણુ ભગવાન કરે છે. તત્વે કરીને ત્રણેય દેવો એક છે. પરંતુ ગુણે કરીને અલગ અલગ સ્વરૂપ ધારણ કરીને સમસ્ત સંસારનું કાર્ય કરે છે.

શ્રીમદ્ ભાગવત મહાપુરાણ અષ્ટમ સ્કંધમાં વામન ચરિત્રની કથામાં પ્રસંગ છે કે, ભગવાન શ્રી નારાયણે વામનાવતાર ધારણ કરીને દૈત્યાધિપતિ રાજા બલિ પાસેથી ત્રણ પગલા પૃથ્વી માંગીને ત્રિલોકી મેળવ્યા બાદ તેને સુતલલોકમાં સ્થાન આપ્યું. તે સમયે બલિ રાજાએ વરદાન માગ્યુ કે તમે મારા ઘરના દ્વારપર હંમેશ મારી રક્ષા કરજો. આગામી મન્વંતરમાં બલિરાજા ઈન્દ્રપદે સ્વર્ગમાં રાજ્યગાદી પર બેસે ત્યાં લગી શ્રીહરિના સ્વરૂપ ત્રિદેવ બ્રહ્મા-વિષ્ણુ-શિવ બલિરાજાના દ્વારપાળ તરીકે રક્ષણ કરે છે. ચાર-ચાર મહિના ત્રિદેવના સુતળ લોકમાં ભક્તની સાનિધ્યમાં રહ્યા પછી ચાર મહિના વિશ્રામ લે છે. એટલે શ્રી વિષ્ણુ ગ્રીષ્મ ઋતુમાં ભક્ત બલિની સેવા કરીને વર્ષાઋતુના ચાતુર્માસ ક્ષીરસાગરના કિનારે શેષ શય્યા ઉપર શયન કરે છે. અષાઢ સુદી એકાદશીથી કાર્તિક સુદી એકાદશી પર્યંત શ્રી વિષ્ણુ ભગવાન યોગનિદ્રામાં પોઢી જાય છે.

ઋષિઓના સિધ્ધાંત અનુસાર જ્યારે સંસારના પાલનકર્તા શ્રીવિષ્ણુ શયન કરે તે સમયે પાલન કરવાની જવાબદારી ઋષિઓ-મુનિઓ-સંતો-ગાય-બ્રાહ્મણો-મહાત્મા ભક્તો તેમજ સમસ્ત સામાન્ય પ્રત્યેક જન સમાજના શિરે આવતા ચાતુર્માસ દરમ્યાન જપ-તપ-વ્રત-દાન-પુણ્ય-સત્કર્મના સંયુક્ત તપોબળ વડે જગતનું પાલન પોષણ કરવામાં આવે છે.

પુણ્યબળના પ્રતાપે સમસ્ત જગતના પાલન જીવનની મૂળભૂત આવશ્યકતાઓ જીવ પ્રાણીમાત્રની કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર જેમ પરમ પિતા શ્રી વિષ્ણુ કરે છે. તેમ મનુષ્ય દેહધારીના નાતે તેમના સંતાનના નાતે નાત-જાત-ધર્મ-દેશ-વેશના ભેદભાવ વગર સમસ્ત જગતના પાલન પોષણના અર્થે ચાતુર્માસ દરમિયાન પ્રત્યેક માણસે કરવા જોઈએ. જે માણસ જગતના સંચાલનમાં સહાયક હેતુ ચાતુર્માસમાં વિશેષ નિયમો લઈને જપ-તપ-વ્રત-દાન-પુણ્ય કર્મ કરે છે તેને શ્રીહરિ ભગવાન શ્રીવિષ્ણુ પોતાનો નિજ સંતાન માનીને તેની બધી જ મનોકામના પુરી કરે છે. તેથી શાસ્ત્રકારોએ કહ્યું છે કે ચાતુર્માસમાં વિશેષ નિયમો લેવાથી અધિક ફળની પ્રાપ્તિ થાય છે.

નિર્ણયસિન્ધુ - ધર્મસિન્ધુ આદિ ગ્રંથોમાં અષાઢ સુદી એકાદશી થી લઈને કાર્તિક સુદી એકાદશી પર્યંત ચાતુર્માસ વ્રત આરંભ કરવો. દેવ પોઢી એકાદશીથી દેવ ઉઠી એકાદશી પર્યંત ચાતુર્માસ ગણાય છે.

નિર્ણયસિન્ધુના મતાનુસાર પ્રત્યેક માણસ - કોઈ શૈવ ઉપાસક હોય - વૈષ્ણવ હોય - શાક્ત હોય - સૂર્ય ઉપાસક હોય - ગણપતિના હોય તમામ ધર્મ સંપ્રદાયના અનુયાયીઓએ ચાતુર્માસમાં વિશેષ નિયમ ધારણ કરીને કઠિનમાં કઠિન વ્રત - તપ - સાધના કરવી.

ચાતુર્માસમાં જે નિયમો ધારણ કરે છે તે સૂર્ય સમાન તેજસ્વી બનીને ઈષ્ટને પ્રાપ્ત કરે છે.

ચાતુર્માસમાં દેવશયની એકાદશી બાદ સાંસારિક - વ્યાવહારિક - સામાજીક કાર્યોને ગૌણ કરીને આધ્યાત્મિક કાર્યને પ્રધાનતા આપવાને અર્થે અન્ય કાર્યનો આરંભ કરવાનો નિષેધ કહ્યો છે.

ભગવાન શ્રીહરિ જ્યારે શેષ શય્યા પર યોગ નિદ્રામાં પોઢી રહ્યા હોય ત્યારે જગદંબા મહાશક્તિ લક્ષ્મી સેવામાં રહે છે ત્યારે ચાતુર્માસમાં જે કોઈ વ્યક્તિ જપ-તપ-વ્રત-દાન-પુણ્યકર્મ વિશેષ નિયમમાં રહીને કરે છે તેના પર મહાલક્ષ્મીની વિશેષ કૃપા થાય છે તેને યશ-કીર્તિ-સફળતા-સિધ્ધિ-પ્રસિધ્ધિ દેવી કૃપાથી મળે છે.

શ્રીહરિની યોગ નિદ્રાનો કાળ મનુષ્યને માટે ખૂબ જ મહત્વનો કાળ કહેવાય છે તેમાં ચાતુર્માસની એકાદશીઓનું વિશેષ માહાત્મ્ય હોય છે.

ચાતુર્માસ અંતર્ગત શ્રાવણ માસને વિષે ભગવાન ભોળાનાથ સદાશિવ મહાદેવજીનું બિલ્વ પત્રાદિ વડે અતિ પ્રેમથી પૂજા-અભિષેક કરનારા ઉપર શ્રીહરિ વિષ્ણુ ભગવાનની પ્રસન્નતા થાય છે.



# શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી ગુરુ પૂર્ણિમા (૨૦૨૦) સંદેશરૂપી આશીર્વચન

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**અમદાવાદ (કાલુપુર) મંદિર, તા. ૫-૭-૨૦૨૦ - પ.પૂ. મોટા મહારાજશ્રી :** આજે ગુરુ પૂર્ણિમાના પાવન પર્વના દિવસે સંપ્રદાયના નાના મોટા સર્વે સત્સંગીઓને અમારા અંતરથી શુભાશીર્વાદ - શુભાશિષ સાથે ધન્યવાદ. મારી દ્રષ્ટિએ સાચા અને આદર્શ ગુરુ જો કોઈને કહેવા હોય તો રામાનંદ સ્વામીને કહી શકાય. કારણ કે તેઓ પોતે સમર્થ હોવા છતાં આગળ નથી આવ્યા. પોતે મહારાજને ઓળખ્યા છે અને બીજાને ઓળખાવ્યા છે. મહારાજનો મહિમા પોતે સમજ્યા છે અને બીજાને સમજાવ્યો છે. અને તેથી જ **પોતે ભારપૂર્વક કહ્યું છે કે હું તો ડુગડુગી વગાડનારો છું, વેશના ભજવનારા તો આ શ્રીજી મહારાજ છે.** તેવી જ રીતે આદર્શ શિષ્ય સ્વયં શ્રીજી મહારાજ છે. કે જેઓ પોતાનું અલૌકિક સામર્થ્ય છુપાવીને રામાનંદ સ્વામી સાથે રહ્યા. વળી મુક્તાનંદ સ્વામી Senior (વય કે સ્થાનમાં અગ્રપદે) હતા તો તેઓની પણ મર્યાદા રાખતા હતા. સ્વયં ભગવાન હતા પરંતુ આ વાત આજે એટલા માટે કરી કે **જેઓ ભગવાનને મહારાજને ઓળખાવે એ સાચા ગુરુ છે. બાકી જેટલા પણ પોતાની જાતને ઓળખાવતા હોય એ બધા દંભી ગુરુ છે.**

આજના દિવસે શ્રી નરનારાયણદેવની નિષ્ઠા ખૂબ દ્રઢ કરીને રાખીએ એ જ મહારાજના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. લાલજી મહારાજશ્રી :** આજના પવિત્ર દિવસે ગામડાઓથી લઈને શહેર તેમજ દેશ વિદેશમાં વસતા સર્વે

સત્સંગીઓને જય સ્વામિનારાયણ. વર્તમાન કાળે કોરોના વાયરસ મહામારીના સમયમાં આપણે સૌએ મંદિરથી દૂર રહીને પણ ભજન ભક્તિ કરીને નરનારાયણદેવની દ્રઢ નિષ્ઠા જાળવી રાખવાની છે. અને નરનારાયણ દેવનો પૂર્ણ વિશ્વાસ, શ્રધ્ધા અને નિષ્ઠા સાથે આપ સૌ ધૈર્ય રાખી રહ્યા છો. ત્યારે આપનું તથા આપના પરિવારનું સ્વાસ્થ્ય ખૂબ સારું રહે અને આપણા સૌના હૃદયમાં - અંતરમાં નિષ્ઠા અને ભજન ભક્તિનું બળ દિન પ્રતિદિન ખૂબ વધતું રહે એજ મહારાજના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી :** ગામ - શહેર તથા દૂરસુદૂર વિદેશમાં વસતા બાળકથી લઈને વડીલો એમ દરેક સત્સંગી માત્રને આજના પાવન પર્વે અભિનંદન અને ખાસ કરીને નરનારાયણદેવને પ્રાર્થના કે આપ સૌ દેવ પ્રત્યે જે નિષ્ઠા, મમત્વ અને મંદિર પ્રત્યે પોતાપણું રાખી રહ્યા છો તે દિન પ્રતિદિન વૃધ્ધિ પામતું રહે એવો આપણે પ્રયત્ન કરવાનો છે અને તે માટે મહારાજ આશીર્વાદ આપવાના છે. દુનિયાના ખૂણે ખૂણે વસતા સત્સંગીઓને એ જ સંદેશ છે અને **અમારો પણ એક જ સિધ્ધાંત રહ્યો છે અને રહેશે કે દેવના થઈને રહેવું.** મોટા બાપજીએ પણ આ જ વાત શીખવાડી છે અને **દેવના થઈને રહીશું તો બધું જ મળવાનું છે.** દત્તાત્રેય ભગવાને ૨૪ ગુરુ કર્યા તેમાંથી શીખવાનું એ છે કે **ગુણગ્રાહી દૃષ્ટિ રાખવી.** આંખ ખોલીને જોઈએ તો ઘણી જગ્યાએથી અકલ્પનીય સદ્‌ગુણો શીખવા મળે છે. પરંતુ **દેવની નિષ્ઠા અને મહારાજે સ્થાપેલો સિધ્ધાંત હરહંમેશ જળવાઈ રહે એ આપણું ઉત્તરદાયિત્વ છે.** મહારાજે સ્થાપન કરેલી પરંપરા, વડીલોએ આપેલો વારસો તેનું બીજ બળ જાળવવું એ આપણા સૌનો મૌલિક ધર્મ છે. એમ હું માનું છું.

કોવિડ-૧૯ મહામારીની પરિસ્થિતિમાં કદાચ મોટા ભાગના ભક્તજનો અહીં મંદિરે આવી શકતા નથી. પરંતુ આવા વિષમ કાળમાં પણ આપ સૌના હૃદયમાં દેવનું બળ છે અને એ બળ રાખજો. સમયાંતરે મંદિરો જે પધ્ધતિથી દર્શન માટે ખોલવામાં આવશે તેની જાણ સૌને કરવામાં આવશે. ધીરજ રાખજો **દેવ આપણા સૌના હૃદયમાં તો છે...છે ને છે જ ! વળી મહારાજે પણ કહ્યું છે કે અહીંયા (મુખ્ય મંદિરમાં) જે દેવ છે એ જ દેવ તમારી પૂજામાં અને તમારા ગામના મંદિરોમાં પણ છે જ એવું જાણજો.** અને એ વારસો-એ સમજણ વડીલોએ પોતાના દીકરા-દીકરીઓને આપવાનો છે એવું હું માનું છું.

આજના પવિત્ર દિવસે બીજો કોઈ કાર્યક્રમ રાખ્યો નથી. અમે ત્રણેયે માત્ર દેવના દર્શન કર્યા અને દર્શનમાં બધું આવી ગયું. **આપ સૌ વતીથી પણ ખૂબ દર્શન કર્યા છે.** અને ત્યારે એ જ પ્રાર્થના કરી છે, કરતા આવ્યા છીએ અને કરીશું કે આપ સૌનું સ્વાસ્થ્ય ખૂબ સારુ રહે, દરેક પ્રકારે ઉન્નતિ-પ્રગતિ થતી રહે. ભગવાનના થઈને રહીએ, **દેવની નિષ્ઠા કારણ શરીરમાં પરિપક્વ થઈને તેની અભિવૃધ્ધિ થતી રહે.** તેનું બળ મહારાજ સૌને આપે એ જ નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

(જેઓએ આ ધર્મકુળને ઓળખ્યું છે. અને શ્રીજી મહારાજના વચન પ્રમાણે ગુરુ કર્યા છે તેઓ ત્યાગી-ગૃહી સર્વે મહાન ભાગ્યવાળા છે. મોટા પુરુષોની એ જ મોટાઈ છે કે સ્વયં શ્રીજી મહારાજે તેઓને આચાર્યપદ પ્રદાન કર્યુ હોવા છતાં પોતાના મુખેથી ક્યારેય પણ પોતાની મહત્તા કહેતા નથી. અતિ નિર્માનીપણે રહીને આપણા સૌના ગુરુ પણ શ્રીજીમહારાજ અને ઈષ્ટદેવ પણ શ્રીજી મહારાજ એવું જ અંતરથી માનીને આશ્રિતોને પણ એ જ સંદેશ શુભાશિષ રૂપે પાઠવતા હોય છે. બાકી આ કળિકાળમાં આપણે સૌ જાણીએ છીએ તેમ શાસ્ત્રોના કોઈપણ પ્રમાણ વિના પોતે પોતાની મેળે જ બની બેઠેલા ગુરુઓનો રાફડો ફાટ્યો છે. વાતની શરૂઆત ભગવાનથી કરીને અંતરમાં મહાન કપટ અને દંભ હોવાથી અંતે આંગળી પોતાના તરફ જ જશે. માટે ચેતવું ને એવાથી દૂર રહેવામાં જ ભલાઈ છે. સોશિયલ મિડીયા - મોબાઈલ, ટી.વી., વર્તમાનપત્રો વગેરેનો મર્યાદિત વિવેકથી ઉપયોગ કરવો. કારણ કે સાચા ખોટા બધા પોતાની વાત રજૂ કરવા આતુર હોય છે અને શાસ્ત્રો પણ મૂળ સંપ્રદાય દ્વારા પ્રકાશિત અને ખાસ કરીને સનાતન બે ગાદી ના ધર્મવંશી આચાર્યશ્રીના આજ્ઞા-આશીર્વાદપત્ર વાળા વાંચવાનો કે સાંભળવાનો આગ્રહ રાખવો. નહિ તો આત્યંતિક કલ્યાણના શ્રીહરિએ સ્થાપેલા રાજમાર્ગ - ધોરી માર્ગથી ભટકી જવાનો પૂરો સંભવ રહે છે.)

# આત્યંતિક કલ્યાણની ચાવી

- જયંતીભાઈ કે. સોની (મેમનગર-અમદાવાદ)

આત્યંતિક કલ્યાણ ઈષ્ટદેવની આજ્ઞા અને ઉપાસનાથી જ થાય છે. જેમ આજ્ઞા પાલનની ખાસ જરૂર છે તેથી પણ અધિક આવશ્યક સર્વોપરી શુધ્ધ ઉપાસનાની છે. ઈષ્ટદેવની સર્વોપરીની ઉપાસના વિના કોઈ વાત સિધ્ધ થતી નથી. શ્રીજીમહારાજ સ્વયં પોતાના મુખે પોતાનો સર્વોપરી નિશ્ચયની વાત નીચે પ્રમાણેના વચનામૃતથી જાણીએ. જ્યાં સુધી ઈષ્ટદેવનો સર્વોપરી નિશ્ચય થતો નથી ત્યાં સુધી આત્યંતિક કલ્યાણ કહેતા અક્ષરધામની પ્રાપ્તિ કોઈ સંજોગોમાં થતી નથી.

**ગઢડા પ્રથમ-૧ લું વચનામૃત :** ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રાખવી તેથી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી. પણ અક્ષરધામમાં ગતિ કરવા માટે ધર્મવંશી આચાર્યના આશરામાં રહીને સર્વોપરીની ઉપાસના કરવી.

**ગઢડા પ્રથમનું-૨૭** જે એમ સમજે અનંત આશ્ચર્ય થાય છે. તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેના કર્યા થાય છે. પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયા તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા પ્રત્યક્ષ ભગવાન વતે જ થાય છે.

**ગઢડા મધ્યનું-૯** શ્રીજી મહારાજ બોલ્યા જે "જ્ઞાન માર્ગ તો એવો સમજવો જે "કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ. કોઈ કાળે ભગવાનનાં વચનનો લોભ થયો હોય તો તેની ચિંતા નહી, પણ ભગવાનનાં સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહિ. જો સ્વરૂપનો દ્રોહ થાય તો તેનો કોઈ કાળે છુટકો થાય નહિ. માટે "સર્વોપરીને સદા દિવ્ય અક્ષરમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી જે ભગવાનનું સ્વરૂપ છે તે મને પ્રાપ્ત થયું છે તેમ જાણવું અને જો એમ ન જાણે તે ગમે તેટલા શાસ્ત્રોના વચનમાં રહેતા હશે તો પણ ભગવાનનાં ધામને નહિ પામે બીજા દેવતાનાં લોકમાં જશે. જો ભગવાનને નિરાકાર જાણેને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.

**ગઢડા મધ્યનું-૧૩** હે સંતો જે મોટેરા મોટેરા હોય ને વાતને સમજતાં હોય તે આગળ બેસો. આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી તે વાત કોઈને સમજાય જાય તો તેના જીવનું અતિ રૂડું થાય. (આત્યંતિક મોક્ષ) મારા હૃદયમાં તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે. તે મૂર્તિને બે ચરણ છે. પણ ચાર ભુજ કે અષ્ટભુજ કે સહસ્ત્ર ભુજ તે એ મૂર્તિને નથી. તે મૂર્તિને ચારેકોર મુક્તનાં મંડળ ભરાઈને બેઠા છે. અમે ત્યાં થકા જ બોલીએ છીએ તમો પણ સર્વ ત્યાં બેઠા છો. તે તેજને અક્ષરધામ કહીએ. એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન તે જ સર્વ અવતારનું કારણ છે. આ સ્વરૂપની દઢતા વિના કોઈ રીતે ખામી ભાંગશે નહિ. માટે આ વાતને નિત્યે નવી ને નવી રાખજો. આજે છે તેવી કાલે નવી રાખજો. દેહનાં અંત સમય સુધી દિન દિન પ્રત્યે નવી ને નવી રાખજો. જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજો આ વાત એટલે સર્વોપરી સર્વ અવતારનાં અવતારી સદા દિવ્ય સાકાર સ્વરૂપ તેનું બીજ દરેક વાતમાં લાવવું એમ અમારી આજ્ઞા છે. આ વાર્તા જીવનદાર છે. દેહ મુકીને પણ ભાગવતી તનું એ કરીને આજ વાર્તા કરવી છે.

**ગઢડા મધ્યનું-૧૪** જે નિવૃત્તિ માર્ગને વિષે પ્રવર્ત્યો હોય તેને જો ઉપર કહ્યા મુજબ નિશ્ચય ન હોય તો તે એમ જાણવું આ અતિશે ત્યાગી સાધુ જણાય છે પણ એને ભગવાનનો નિશ્ચય નથી માટે એ અજ્ઞાની છે તે જરૂર નરકમાં જશે.

**ગઢડા મધ્યનું-૨૧** જેવું પરોક્ષ ભગવાન રામ કૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા તેમનાં ભક્તોનું એટલે પરોક્ષ સાધુ નારદ, સનકાદિક, જડભરત, હનુમાનજી વિગેરેનું મહાત્મ્ય છે તેવું પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનનાં ભક્ત સાધુ તેનું મહાત્મ્ય સમજે તો કલ્યાણનાં માર્ગમાં કંઈએ સમજવું બાકી નથી. આ વાર્તા એકવાર કહ્યે સમજો અથવા લાખવાર કહ્યે સમજો આજ સમજો કે લાખ વર્ષ પછી સમજો પણ એ વાત સમજે જ છુટકો છે. આ વાત સમજાણી તેને સર્વે મુદ્દો હાથમાં આવ્યો. (આત્યંતિક કલ્યાણનો મુદ્દો)

**ગઢડા મધ્યનું-૩૧** બહુધા શાસ્ત્રમાં પુરુષને પુરુષોત્તમ કહ્યા છે ત્યારે પુરુષમાં અને વાસુદેવ (ભગવાન)માં કેટલો ભેદ છે. મહારાજ કહે છે બહુધા શાસ્ત્રમાં પુરુષને પુરુષોત્તમ કહ્યા છે તે તો અક્ષરાત્મક પુરુષ છે. બ્રહ્મરૂપ ઘણા છે. તે વાસુદેવના ચરણારવિંદની ઉપાસના કરે છે. અને સ્તુતિ કરે છે. આ વાત ઘણીવાર કરી છે. માટે સારી પેઠે ઘેડ બેસાડવા માટે આ વાર્તાને વિચારજો અને લખજો.

**ગઢડા મધ્યનું-૫૮મું** સંપ્રદાયની પુષ્ટિ પોતાના ઈષ્ટદેવના જન્મથી અંતર્ધાન થયા સુધીના જે જે આચરણ કર્યા હોય તે આચરણમાં ધર્મ પણ આવી જાય અને ઈષ્ટદેવ નો મહિમાં પણ આવી જાય. રામનાં ભક્તોને રામાયણથી તથા શ્રીકૃષ્ણનાં ભક્તોને ભાગવતથી પુષ્ટિ થાય. તેમ આપણા સંપ્રદાયની પુષ્ટિ સંપ્રદાયનાં ગ્રંથ થકી જ થાય. માટે મહારાજે મુક્તાનંદ સ્વામીને દેહ પ્રયન્ત સંપ્રદાયનાં ગ્રથ રચવાની આજ્ઞા કરી.

**લોયા-૧૨** ઉત્તમ મધ્યમ અને કનિષ્ટ નિર્વિકલ્પ નિશ્ચય કોને કહેવાય. ઉત્તમ નિશ્ચય એટલે પોતે અક્ષરધામરૂપ થઈ પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કહેવાય.

**લોયા-૧૪** અમારી ઉપાસનાં અક્ષરધામ મધ્યે સિંહાસનમાં બિરાજમાન દિવ્ય મૂર્તિ એવા પુરુષોત્તમ ભગવાન તેની છે (પોતાની પરોક્ષ ભાવે વાત કરે છે).

**પંચાળા-૨** પુરુષોત્તમ ભગવાન (સ્વા. ભગવાન) તેનું પ્રકૃતિ પુરુષ આદિક સર્વે અવતારને વિષે અન્વયપણું છે. એટલે પ્રકૃતિ પુરુષ આદિક સર્વ અવતારો ભગવાનનાં ભક્ત છે. એમ સમજી એમનું ધ્યાન-ભજન કરવું.

**વડતાલ-૧૨** જેને ભગવાનનો સર્વોપરી મહિમાએ સહિત નિશ્ચય નથી તેને તો નપુસંક જેવો જાણવો, તેના મુખે ગીતા ભાગવત જેવા સંદ્ગ્રંથ સાંભળે તો પણ કોઈનું કલ્યાણ નથી થતું.

**અમદાવાદ-૭મું** અને એકલાજ તે સર્વ થકી પર એવું પુરુષોત્તમનું ધામ તેમાં ગયા ત્યાં હું જ પુરુષોત્તમ છું. મારા વિના બીજો કોઈ મોટો દેખ્યો નહિ. આ બ્રહ્માંડની ઉત્પતિ, સ્થિતિ અને પ્રલયનો કરનાર હું પોતે જ છું. અનંત શિવ, અનંત બ્રહ્મા, અસંખ્ય વૈકુંઠ, ગોલોક તથા બ્રહ્મપુર તે મારે તેજે તેજોમાન છે. એવું સમજશે તેને હું સર્વોપરી એવું જે મારું ધામ અક્ષરધામ તેને પમાડીશ,.

**જેતલપુર-૫** આ જગતમાં સર્વે અમારું ધાર્યું થાય છે એવું સમજીને મહા પાપવાળો જીવ હશે ને અમારે આશરે આવશે ને ધર્મ-નિયમમાં રહેશે તેને અમે અક્ષરધામને પમાડીશું.

**ગઢડા અંત્ય-૧૯** ઈષ્ટદેવમાં પતિવ્રતાપણાની દ્રઢ પ્રીતિ બંધાણી છે તેને મોટા મોટા જે બીજા મુક્તો સંગાથે પણ પ્રીતિ થાય નહિ, અને ઈષ્ટદેવનાં તેના જે બીજા અવતાર હોય તે સંઘાથે પણ પ્રીતિ થાય નહિ. આવું જ્ઞાન જીવમાં ઉતારી ભક્તિ કરવાથી આત્યંતિક કલ્યાણ પમાય છે.

- **શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ કોઠાર કામ અંગે પૂ. મહંત સ્વામી અને કોઠારી સ્વામી - મોબાઈલ : ૯૩૧૩૭૧૯૨૩૨**
- **શ્રી સ્વામિનારાયણ માસિકના કામ માટે - મોબાઈલ : ૯૩૧૩૭૦૬૦૯૫**
- **સંપ્રદાયનું સર્વોપરી ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર છપૈયા સંપર્ક માટે - મોબાઈલ : ૭૦૦૭૫૫૧૫૫૧**
- **શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી (વાસણા) નવો ફોન નંબર ૯૯૭૯૮૬૬૦૧૨, ૯૯૭૯૮૬૬૦૧૧.**
- **શ્રી સ્વામિનારાયણ મંદિર અયોધ્યા સંપર્ક માટે મહંત સ્વામી - કોઠારી સ્વામી - મોબાઈલ : ૯૧૬૧૫૪૩૦૯૯**

**ગત જુલાઈ-૨૦૨૦ ના અંકનો સુધારો**

મૂળીના સંતના અક્ષરવાસમાં તિથિ પ્રેસ દોષના કારણે જેઠ સુદ-૧ ૨ ને બદલે જેઠ વદ-૧ એકમ સુધારીને વાંચવું.



# પુલ્હાશ્રમની યાત્રા એટલે જીવનની અજોડ યાત્રા

- ગોરધનભાઈ હ. સુથાર (મોડાસા)

પુલ્હાશ્રમ (મુક્તિનાથધામ) નામ સાંભળતાં જ મન ચગડોળે ચડે. જે યાત્રાળુઓ દર્શન કરી આવ્યા હોય તેમની પાસેથી સાંભળતાં.... યાત્રા કેટલી કપરી હશે તેનો અણસાર આવી જાય. યાત્રા પ્રમાણમાં સરળ બની છે. પણ નીલકંઠ વર્ણીના રૂપમાં મહારાજે જ્યારે આ યાત્રા કરી હશે ત્યારે તેની કલ્પના કરો તો રૂવાંડાં ખડાં કરી દે તેવું સ્થળ છે. મારા મતે યમનોત્રી કે કેદારનાથની યાત્રા પુલ્હાશ્રમ કરતાં ઘણી સરળ લાગે !!

પુલ્હાશ્રમ જવાનો નિશ્ચય કર્યો ત્યારે મગજમાં ભયજનક રસ્તાની કલ્પના સતાવતી હતી. ડુંગરની ધારે બનાવેલા રસ્તા. બાજુમાં ઊંડી ખીણ....... વહેતી નદીના કિનારે પોખરાથી જોમસોમ જવાનું. ઝરણા, ધોધ અને ક્યારેક વરસતા વરસાદનો પણ અનુભવ થાય ખરો !!

પોખરાથી જોમસોમ આશરે ૧૭૦ કિ.મી.નો - ભયજનક રસ્તો - રસ્તો કહેવાય કે કેમ એ જ સવાલ !! ડુંગરની ધારે બનાવેલ રસ્તા ઉપર ક્યારે (લેન્ડ-સ્કેપ) ભેખડ ઘસી પડે તે કહેવાય નહી. વળી અમુક અંતરે હિમાલયના આ ડુંગરોની સહસ્ત્રધારાઓએ ટપકીને કાદવ કીચડવાળો રસ્તો અને તેમાંય જો વરસાદી વાદળ વરસી જાય તો રસ્તો પાણીના વહેણમાં તણાઈ જાય.... રસ્તામાં પાંચ પચાસ ફૂટનું ગાબડું પડી દે. ને બે પાંચ કલાક ક્યારેક તો આઠ દસ કલાક પણ રસ્તો બંધ થઈ જાય !!! રસ્તામાં ઠંડા પીણા અને ચા-કોફી સિવાય.......(બિન શાકાહારી) રસ્તામાં કશુંક ખાવાનું મળે તેની કલ્પના પણ કરવાની મનાઈ. આપણી પાસેનો સૂકો નાસ્તો શરીરને ભૂખથી ટકાવવાનો જ પ્રયત્ન કરવાનો.

નાના મોટા પથરા અને કાદવ કીચડ વાળા રસ્તા ઉપર જીપ/બસ ડીસ્કો કરતી ચાલે. એક જ ગ્રુપના હોઈ તો જીપ/બસ પાછળની સીટ વાળાને આગળ બેસાડી આરામ આપી શકીએ. વારેવાર સીટ બદલતાં ૧૦-૧૨ કલાકે જોમસોમ પહોંચાય.

જોમસોમ પહોંચીએ ત્યારે કોઈકે મારીને કમર-પગ અધમૂવા કરી નાખ્યાનો અનુભવ થાય. જ્યારે જોમસોમ પહોંચીએ ત્યારે જમવાના વિચારને બદલે સૂવાની પથારી ગોતી ઊંઘ ખેંચી લેવા સિવાય બીજો વિચાર જ ન આવે !!

પણ લાખો નિરાશામાં અમર આશા છૂપાયેલી હોય તેમ જોમસોમ ખાતે આપણા પૂ. સંત સ્વામી (કાલુપુર મંદિર) વર્ષોથી પુલ્હાશ્રમની યાત્રાએ આવતા યાત્રાળુઓને આવકારી... સૂવાની સગવડ આપે છે. હા... જો આપણે બનાવીએ તો રસોઈ માટે ગેસ... સીધુ સામાન આપી આપણને સાચવવાનો પૂરો પ્રયત્ન કરે છે. ડૂબતાને તરણું મેળે તો પણ આશાવાદી બને તેવો અનુભવ જરૂર થાય !!!

વહેલા તૈયાર થઈ જોમસોમથી આશરે ૨૦ કિ.મી. સાધનમાં જવાનું. પાર્કિંગમાં સાધન મૂકી ૧ થી ૨ કિ.મી. શક્તિ હોય તો ચઢાણવાળા પર્વત ઉપર ચાલતા નહીંતર ઘોડા ઉપર જવાનો આનંદ માણવાનો. પહોંચીએ ત્યારે જરૂર એમ લાગે કે વાતાવરણ વળાંક લે એ પહેલાં મુક્તિનાથ ભગવાનનાં તથા મહારાજની તપોભૂમિ જ્યાં છત્રી-ચરણારવિંદ છે તેના દર્શન કરીને પરત જોમસોમ આવવાનું.

ઘોડો આપણને પચાસ-સાંઈઠ પગથિયાં સુધી લઈ જઈને છોડે..... આટલાં પગથિયાં તો ચઢવાં જ પડે.... જ્યાં મુક્તિનાથ (નારાયણ ભગવાન) ભગવાનનું સુંદર-કલાત્મક લાકડાનું ઊચું મંદિર છે ! મૂર્તિ અલૌકિક, આલ્હાદાયક અને આનંદ ઉપજાવે તેવી છે. દર્શન કરતાં હૃદયમાં શાંતિ થાય છે.

મંદિરના પ્રાંગણમાં ઠંડા પાણીના બે મોટા કુંડ છે. સૌ પ્રથમ આ બંને કુંડમાં સ્નાન કરી ૧૦૮ ગૌમુખ ધારાઓમાં સ્નાનનો અનુભવ કરવાનો. કુંડમાં ઉતરી સ્નાન કર્યા પછી પગ છે કે નહીં તેની ખાતરી કરવા જેવો અનુભવ જરૂર થાય. ઠંડુ પાણી નાની યાદ કરાવી દે તેવું હોય છે !!

મહારાજની કૃપા હોય તો જ વરસાદનું વિઘ્ન ન નડે. આકાશ નિરભ્ર હોય. સૂરજ ચમકતો હોય તો ઠંડીનો ચમકારો પણ ઓછો લાગે. અને આપણી શ્રધ્ધા પૂરી કરવા દર્શનનો લ્હાવો સુપેરે લઈ શકીએ. ઓછા ઓક્સિજન વાળી આ જગામાં કપૂર સાથે રાખવાથી શ્વાસની તકલીફમાંથી બચી શકાય.... કોઈકને ઓકિસજનની જરૂર પણ પડે..... નાના ઓકિસજનના બાટલા રાખવા હિતાવહ ખરા !

મુક્તિનાથનાં દર્શન કરી નજીકમાં જ આશરે ત્રણેક ફૂટના અંતરે... નીલકંઠવર્ણીએ તપ કરેલું તે જગા છે. કાલુપુર શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આ જગા ઉપર આરસની સુંદર છત્રી બનાવી ભગવાનનાં ચરણારવિંદ અને તપ કરતી નીલકંઠવર્ણીની મૂર્તિ પધરાવી છે. આ જગા ઉપર પહોંચતા જ આનંદનો અતિરેક સમાતો નથી. જાણે.... સાક્ષાત્ અક્ષરધામમાં આવ્યા હોઈએ તેવો હૃદયમાં અનુભવ થાય છે. આ જગાનું વર્ણન કરવા શબ્દો ટૂંકા પડે છે. વાણી વિરામ લે છે. અને ફક્ત એટલું જ બોલાય છે કે મહારાજની સંપૂર્ણ ઈચ્છા-કૃપા અને ચાર હાથ.... ના.....ના..... હજાર હાથ આપણી ઉપર છે તેથી જ આ તપોભૂમિમાં આવી શકાયું. આપણે આપણી જાતને ભૂલી જઈ ફક્ત ભગવાન સિવાય.... સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ સિવાય કશું જ યાદ આવ્યું નહીં.

નીલકંઠવર્ણીની...... ચરણારવિંદની પ્રદક્ષિણા કરી જનમંગલ સ્તોત્રનો પાઠ કરી, માળા કરી, ભગવાનને સૂકામેવાનો ભોગ ધરાવી, આરતી કરવાનો આનંદ લીધો. ફરી ક્યારે ભગવાન આ જગાએ લાવશે તેનો વિચાર કરવાને બદલે આવ્યા છીએ તો ભગવાનની ચરણરજનો લાભ લેવા દંડવત્ કરવા માંડ્યા. હૃદયમાં આનંદની કોઈ સીમા ન હોતી.

અન્ય યાત્રા સ્થળો જેવી ભીડ હોય તેવી અહીં નથી કારણ અહીં બૌધ ધર્મનું મહત્વ વધારે છે. અહીં આપણા સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીઓ સિવાય બીજા ભાગ્યે જ આવે છે.

લોકમુખે સાંભળેલું કે યાત્રા કઠિન છે જેનો ક્યાંક ક્યાંક અનુભવ પણ થયો. સાંભળેલી વાતો મુજબ મન પડી ભાંગે કે યાત્રા કરવી નથી પણ સાહસે સિધ્ધિ મુજબ જઈએ ત્યારે આનંદ થાય. ગોળનું ગળપણ ખાધે જણાય એમ ખરી મન-શ્રધ્ધાથી જઈએ તો મહારાજ મુસીબતોને અળગી રાખી ભક્તને આવકારવા તૈયાર જ હોય છે. તેવો અનુભવ જરૂર થયો.

જીવનમાં અચૂક એકવાર તો આ યાત્રા કરી ધન્ય બનવું અને તે પણ જીપ/બસમાં જવાથી વનરાજી, વહેતાં ઝરણાં.......ટપકતી સહસ્રધારાઓ ખીણો... ખાડા ખબડારા... પથરાળ.... કાદવવાળા રસ્તાનો અનુભવ જરૂર થાય.

જો સારી કંપની સંગાથ મળે તો અક્ષરધામના સુખનો અહીં અનુભવ થશે..... થશે..........ને થશે જ !!



# "મુંઝવણ ટાળે શ્રીજી મહારાજ"

- નટુભાઈ બી. પટેલ (રાજપુરવાળા - હાલ કેનેડા)

દંઢાવ્ય દેશના આદરજ ગામના ખાંટ જ્ઞાતિના સુજાનબાનો દીકરો રતુ, બદરજી કાકા અને અરજણભાઈ સાથે ગઢડા શ્રીજી મહારાજના દર્શન કરવા ગયો. શ્રીજી મહારાજના દર્શન કર્યા. રાત્રિ રોકાણ કર્યું. સવારે સત્સંગ સભાનો લાભ લઈ ઘેર પરત ફરતા પહેલા શ્રીજી મહારાજની રજા લેવા ગયો. દર્શન કરી રતુએ મહારાજને કહ્યું.

''મહારાજ'' ! મારી મા સુજાનબાએ આપને, સંતો હરિભક્તો સાથે એકવાર આદરજ પધારવા હેતપૂર્વક, ભાવથી મારી સાથે કહેણ મોકલ્યું છે. અને કહ્યું છે કે, દીનાનાથ, દયાના સાગર અમ જેવા દુબળા અને અજ્ઞાની, સત્સંગથી વંચિત રહેતા લોકને માયાના ખાડામાંથી આયખું પુરુ થાય એ પહેલા દર્શન આપી ધર્મનો મર્મ સમજાવો. સૌ ગામજનોને આપના દર્શનની તાલાવેલી છે.

રતુભાઈની વાત સાંભળી ત્યાંજ મહારાજના પ્રેમાળ નયનો મલક્યા અને બોલ્યા જેવી સુજાનબાની સમજણ એવો જ દીકરાની વાતમાં પ્રેમ ! વિવેક અને વિનય. રતુ તો મોરના ઈંડા જેમ છે. એને ચીતરવા ના પડે. રાજી થઈ આગળ બોલ્યા, બદરજીભાઈ, રતુ આદરજ જઈ સુજાન બાને કહેજો. અમે આમંત્રણ સ્વીકાર્યું છે. તૈયારી કરો ફરી વાર કહેવું નહી પડે. આ વર્ષનાં દીવાળી અન્નકૂટ નો સમૈયો આદરજ કરીશું. મહારાજે ! વ્હાલપૂર્વક આદરજના ભક્તોને રજા આપી.

સર્વે આદરજના ભક્તો પરત ફર્યા. રતુએ આવી સુજાનબા તેમજ હવનબાઈને બધી વાત કરી. સાકરનો ગાંગડો મોઢામાં આવે અને જેમ આનંદ થાય એનાથી વિશેષ આનંદ નણંદ - ભાભી ને થયો. એજ રાત્રે સત્સંગ સભા ભરાણી. મહારાજની કૃપા અને સમૈયાની વાત કરી. સર્વેએ હર્ષ સાથે વાત સ્વીકારી. સર્વે હળી મળીને સામૈયામાં સહભાગી થઈ મહારાજનો રાજીપો લેવા અધીરા બન્યા.

એવામાં એક દિવસ સાંજનું વાળુ કરી, ખાટલે બેસી આંગણાની જમીન ચિંતિત વદને ખોતરતો જોઈ સુજાનબા બોલ્યા ! બેટા રતુ ! શું વાત છે ?

''મા'' મારા મનમાં મુંઝવણ છે ચિંતા છે. ખબર નથી પડતી કે કેમ કરીશું આ સમૈયો આપણે મોભી થઈ આ પ્રસંગ આદરીએ છીએ પણ ક્યાંક ફજેતી ના થાય.

અરે ! ગાંડા દીકરા આમ ઢીલો ના પડીશ. ઢીલા પડે ધર્મનું કામ ના થાય. હું અને તું તો નિમિત્ત માત્ર છીએ. મહારાજનું કામ છે. એમને ચિંતા. છતાંયે નાણાં ભીડ થશે તો થોડુંક માથે કરજ થશે તો એકાદ ટુકડો જમીન વેચી દઈશું. જીંદગીમાં આવો રૂડો અવસર મહારાજને રાજી કરવાનો, સંતો સાથે સત્સંગ કરવાનો અને હરિભક્તો સાથે રહેવાનો મળ્યો છે. એમાં જરાયે પાતળા નથી થાઉં. દીકરાની મુંઝવણ ટળે એવી સુજાનબાએ વાત કરી.

સવાર પડી, પ્રફુલિત વદને શ્રીજી મહારાજને યાદ કરી રતુ હળ લઈ ખેતર ખેડવા ગાડુ લઈ ચાલ્યો. ઉગતા સૂર્યના કિરણોનો પ્રકાશ ધરતી ઉપર પથરાઈ ચૂક્યો હતો. ખેતર સોનેરી પ્રકાશથી તપી રહ્યું હતું. ખેતર ખેડવાનું ચાલુ કર્યું. માંડ થોડોક સમય થયો હશે એવામાં એક જબરી ઘટના બની. હળ ખેડાતું અટકી ગયું. બળદો આગળ જતા થોભી ગયા. જમીનમાં હળનો અણીદાર લોખંડનો ભાગ ફસાઈ ગયો. મહા મહેનતે ખાડો કરી જોયું તો હળ કોઈક ધાતુના દેગડા (પાત્ર) સાથે ફસાઈ ગયું હતું. દેગડો બહાર કાઢ્યો. રતુ દંગ રહી ગયો. દેગડામાં સોનાના ચરુ (સોના મહોર) ભરેલા હતા. ભર બપોરે ભાત (લંચ) આવે તે પહેલા જ દેગડો ગાડામાં નાંખી ઘેર તરફ આવ્યો. ઘેર આવી દેગડો ઓસરીમાં મૂક્યો અને બોલ્યો !

મા, ફોઈબા આ દેગડો જમીન ખેડતા નીકળ્યો. એટલે જલ્દી પાછો આવ્યો. દેગડાના ચરૂ ઉપર નજર પડતાં જ સુજાનબા ને મહારાજ યાદ આવી ગયા. અને બોલ્યા, બેટા ! લે મહારાજે તારી મુંઝવણ ટાળી દીધી. જેને રખવાળા ઘનશ્યામ ના હોય એને ચિંતા ના હોય. હવે છૂટે હાથ ધામ ધૂમથી વાપરજે. ક્યાંય કચાશ ના રાખીશ. જગન એવો કર જગત જોતું રહી જાય.

અચાનક આવું થવાથી, મહારાજની કૃપાથી થયું એમ માની રતુ નું મન મહારાજના રંગમાં વધારે રંગાણું. ગામના તેમજ નાતીલાઓને સાથે રાખી ગાડે ગાડા ભરી સીધું સામગ્રી ખરીદી લીધું. મંડપો બંધાયા. ઉતારા તૈયાર કરાયા, રસોડા તૈયાર કરાયા. ધજા પતાકા બંધાઈ ગયા અને જોત જોતામાં મહારાજના સમૈયાનો દિવસ આવ્યો.

શ્રીહરિ સંતો કાઠી દરબારો હરિભક્તો પધાર્યા

ધામધૂમથી સ્વાગત થયું. વાજતે ગાજતે શ્રીજી મહારાજ અને સંતો ગામમાં પધાર્યા અને ઉતારા ભોજન અપાયા. સુજાનબાએ શ્રીહરિના દર્શન કર્યા. સભા થઈ. શ્રીજી મહારાજે કહ્યું. સુજાનબા ! તમારા કહેવાથી અમો ઉત્સવ કરવા આવ્યા છીએ. બોલો કેટલા દિવસ રોકાઈએ.

અરે, મહારાજ ! આ બધું તમારાથી જ થયુ છે, તમારું છે તમારી મરજી હોય એમાં જ અમે રાજી છીએ. આપે અમારો સંકલ્પ પૂરો કર્યો. અંતર્યામી ! પહેલા તો મારો દીકરો મુંઝાતો હતો. કેમ થશે ? કેમ કરીશું ? પણ આપે એ મુંઝવણ પણ દેગડો ખેતરમાંથી આપી ટાળી દીધી છે. હે દીનબંધુ સર્વેને રૂડા આશીર્વાદ આપો તેમજ આ આદરજ ગામના સીમાડાના સર્વ જીવનું કલ્યાણ કરો.

એ દિવસે શ્રીજી મહારાજે સુજાનબાની ઉદારતા અને ભક્તિ ભાવના ભારોભાર વખાણ કર્યા. દિવાળી, અન્નકૂટનો ઉત્સવ કર્યો. ચાર દિવસ રોકાયા. મુક્તાનંદ સ્વામી તેમજ બીજા ત્રણ સંતોને સદ્‌ગુરુની પદવી આપી આરતી કરાવી.

ખૂબ સુખ આપી શ્રીજી મહારાજ પરત ફરવા તૈયાર થયા. સુજાનબાએ મહારાજને કર જોડી પ્રાર્થના કરી કે હે કૃપાનાથ ! અમારાથી આપની સરભરામાં કાંઈ કચાશ હોય તો દુબળા સમજી માફ કરજો. સુજાનબા રડતા અવાજે ગદ્‌ગદ્ થઈ ગયા. હે સુખના સાગર ! આ ગામના બધાજ મનુષ્યોનો મોક્ષ થાય એવી કૃપા કરજો !

સુજાનબા ! સરભરામાં બધુંજ સર્વ શ્રેષ્ઠ હતું. કોઈ ખામી નથી. અમે ખૂબ રાજી છીએ. તમારી ઈચ્છા પ્રમાણે આ ગામના સર્વે ભક્તજનોનો મોક્ષ થશે. સુજાનબા ધન્ય છે. તમારી ઉપાસનાને. એમ કહી શ્રીજી મહારાજ, સંતો આદરજ ગામથી સર્વેએ સમૈયાના સ્મરણ વાગોળતા વિદાય લીધી.

## "મ્યુઝિયમ જોવા નહીં મ્યુઝિયમનાં દર્શન કરવા જવું છે !"

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આપણાં અમદાવાદનાં આંગણે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ખુલ્લું મુકીને કમાલ કરી છે ! કેમ કે એ મ્યુઝિયમ માત્ર નથી પણ "બીજું કશુંક છે !"

પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એક એવા વ્યક્તિ વિશેષ છે - જેમની પાસે બેઠા હોઈએ અને કશી જ વાત ચીત ના કરતાં હોઈએ તો પણ સમય માપક યંત્રમાં જેમ રેતી ક્યાં સરતી જાય એમ સમય ક્યાં પસાર થઈ ગયો એ ખબર જ ન પડે ! એમની સાથે વાતો કરીએ કે વિચારોની આપ-લે કરીએ ત્યારે એમનાં જે પ્રતિભાવો હોય છે તે વાક્યો "વિશેષ-વાક્ય" બની જતું હોય છે ! પથ્થરની લકીર જેવાં એ પ્રતિભાવ હોય !

જેમ કે હમણાં જ અમે ચારેક હરિભક્તો એમની સન્મુખ મ્યુઝિયમ બેઠકમાં વાત-ચીત કરી રહ્યાં હતાં. તેમાં એક હરિભક્તે આવવાનો હેતું જણાવતાં પૂ. મોટા મહારાજશ્રીને કહ્યું કે "બાપજી ! અમારાં બહેન અમેરિકાથી આવ્યાં છે તે મ્યુઝિયમ જોવાં જવું છે." પૂ. મહારાજશ્રી તરત જ બોલ્યા, "મ્યુઝિયમ જોવા નહીં મ્યુઝિયમનાં દર્શન કરવા જવું છે એમ કહો !"

એક સરળ લાગતા આ પ્રતિભાવમાં કેટકેટલું રહસ્ય છૂપાયું છે ! કેમ કે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં કોઈપણ ખંડમાં પ્રવેશો - શ્રીજી મહારાજ અને શ્રીહરિ સમકાલીન એ સર્વે ચીજવસ્તુઓમાં જાણે શ્રીજી પ્રત્યક્ષપણે વિરાજી રહ્યાં હોય એવો અનુભવ સૌને અહીં થાય છે !

નિત્ય પ્રત્યે મંદિરમાં શ્રીહરિને જોવા જઈએ છીએ ? ના શ્રીહરિનાં દર્શન કરવા જઈએ છીએ - ખરું ને ? એમ અહીં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પણ જાણે શ્રીજીનાં જ દર્શન કરવા જોઈએ છીએ એવો ભાવ જરૂર અનુભવાય છે !

પછી એ સાંબેલું જોતાં હોઈએ ત્યારે જાણે કે વહેલાલનાં વખતબા ઝાંસીની રાણી બનીને ગામની ભાગોળે હાકોટો કરીને શત્રુઓને ડારતાં ઊભાં હોય એમ અનુભવ થયા વિના રહેતો નથી.

મ્યુઝિયમમાં રહેલી પ્રત્યેક ચીજ વસ્તુમાં આવી **Livliness** (સજીવતા) રહેલી છે ! અને આ જ તો છે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની વિશેષતા !

તો હવે જ્યારે પણ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની મુલાકાત લઈએ ત્યારે મ્યુઝિયમનાં દર્શન કરવા જઈએ છીએ એ ભાવ ભૂલાય નહીં !

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

- પ્રફુલ ખરસાણી



પૃથ્વી પર કોઈપણના જીવનકાળ દરમ્યાન ન આવ્યો હોય તેવો કપરો કાળ હાલ ચાલી રહ્યો છે.લોકોને પોતાના ઘરમાં જ બીક લાગવા માંડી છે. આમ પણ માણસ માણસ વચ્ચે અંતર વધતું જતું હતું પરંતુ કોરોનાના કારણે તેને સોહામણુ નામ મળ્યું છે ‘‘સોશીયલ ડીસ્ટન્સીંગ’’.

કોઈપણ જીવના પૃથ્વી પર અવતરણ પહેલા પાલનહાર ઈશ્વર જેવી રીતે તેના જીવનનિર્વાહની સઘળી ચિંતા કરી વ્યવસ્થા કરી રાખે છે. તેવી રીતે થોડાક વર્ષો પહેલાજ મોબાઈલની અને ઈન્ટરનેટની શોધ કરાવરાવી, નહીતર આ યુગમાં આવા લોકડાઉનનો સમય પસાર કરવો અસહ્ય બની રહેત.

આ બધા વચ્ચે આપણા શ્રી નરનારાયણદેવના આશ્રિતો ને નહીવત તકલીફ પડી છે. અને આ તકલીફ નહીં પડવાની ઘટના કંઈ નવી નથી. વર્ષો પહેલા છપ્પનીયા દુકાળમાં આપણા આદિ આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ આપણા સર્વે સત્સંગીને ઉદ્દેશીને એક પત્ર લખાવ્યો હતો કે જે કોઈ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)
પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

હરિભક્તને કાળ નિર્ગમવામાં અન્ન ધન વસ્ત્રની કોઈ તકલીફ હોય તેમણે કાલુપુર મંદિરનો સંપર્ક કરવો. પરંતુ કપરો સમય પતી ગયો છતાં કોઈ હરિભક્ત મદદ માટે આવ્યા નહોતા. આવું જકંઈ હાલની પરિસ્થિતિમાં પણ બન્યું છે, કોઈ હરિભક્ત મદદ લેવા માટે તો આવ્યા નથી જ પરંતુ તેથી ઉલટું મંદિર - મ્યુઝિયમ બંધ હોવાથી તેના રાખ રખાવના ખર્ચને પહોંચી વળવાની સંસ્થાની જવાબદારીને પોતાની નૈતિક ફરજ માની ભેટ અને ધર્માદામાં ખૂબ સારી સેવા કરી છે.

આપણા મંદિરના તમામ સભ્યો (સંતો, પાર્ષદો તથા સ્ટાફ)ના કોરોના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમના (સરકારના) કહેવા પ્રમાણે દરેક સંસ્થામાંથી બે - ત્રણ કેસ તો પોઝેટીવ મળી જ આવ્યા છે. આ પહેલી સંસ્થા છે જ્યાં એક પણ કેસ પોઝેટીવ મળ્યો નથી. આ વાત આપણે સૌ શ્રી નરનારાયણદેવના આશ્રિત હરિભક્તો એ ગૌરવ લેવા જેવી છે.

હાલ આપણું મ્યુઝિયમ દર્શનાર્થીઓ માટે બંધ છે પરંતુ પ.પૂ મોટા મહારાજશ્રી નિયમિત મ્યુઝિયમમાં પોતાની ઓફિસ માં પોતાના અમૂલ્ય ખજાનામાંથી વિડીયો અને તસવીર ઈન્સ્ટાગ્રામમાં શેર કરી સત્સંગ સમાજને અવગત કરાવતા દૂરથી દર્શન આપી રહ્યા છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી-જુલાઈ-૨૦૨૦

| | |
|---|---|
| તા. ૧૫-૦૭-૨૦૨૦ | શ્રી નરનારાયણદેવ તથા ધર્મકુળની પ્રસન્નાર્થે - એક હરિભક્ત - મહેસાણા. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જુલાઈ-૨૦૨૦

| | |
|---|---|
| રૂા. ૧,૦૦,૦૦૦/- | પ.ભ.જય ટી. બ્રહ્મભટ્ટ - અમદાવાદ |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. નિમિન જાની - હ. મેઘાબેન |
| રૂા. ૧૧,૦૦૦/- | પ.ભ. પરસોત્તમભાઈ વી. પટેલ (દાસભાઈ) - હર્ષદકોલોની - બાપુનગર |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. મીનાબેન કે. જોષી સહ પરિવાર - બોપલ. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે**
**શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા**
**૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**
સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ●email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

**સદ્‌ભાવ સાથેનું સમર્પણ**

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

(ગતાંકથી ચાલું......)

બ્રહ્માનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને કહ્યું છે, સ્વામી ! મહારાજ ભક્તના પ્રેમને વશ થઈ રોટલો આરોગે પણ આ તો મઠ છે. મઠ તો એવું અનાજ છે કે પેટમાં ગયા પછી શાંતિથી બેસી ન રહે. મહારાજ જમવા માંડ્યા છે. શું કરીશું ? મુક્તાનંદ સ્વામી કહે છે, તમે કાંઈક ઉપાય કરો. જેથી મહારાજ જમવાનું બંધ કરે ને આપણને પ્રસાદ મળે. બ્રહ્માનંદ સ્વામી કહે છે, પ્રયત્ન કરું. પણ આજે રંગીલો બરાબર રંગમાં છે. માને કે ન પણ માને.

હસતાં હસતાં બ્રહ્માનંદ સ્વામી કહે છે, મહારાજ ! એક વાત કહું ? શું સ્વામી અત્યારે શાની વાત તમારે માંડવી છે ? અત્યારે અમે કંઈ સાંભળવાના નથી. કીર્તન બોલવાં હોય તો બોલો. આ મઠનો રોટલો પૂરો કર્યા પછી અમે તમારી વાત સાંભળીશું. મહારાજ આપને ખ્યાલ છે કે હું તમામ નીતિઓ ભણ્યો છું. એમાં ભોજન માટે પણ એક નીતિ છે. ભોજન માટે એવી નીતિ છે કે તમારે એકલા ખાવું હોય તો બહાર જાહેરમાં ઉભા-ઉભા નહી ખાવાનું. ઘરમાં બેસીને ખાઈ લેવાનું અને તમારે જો બધાની વચ્ચે જમવું હોય તો વસ્તુના વખાણ કરવા નહીં. અત્યારે બધાની વચમાં બેસીને આ રોટલો આરોગો છો અને મૌન નથી રાખ્યું. તમે વખાણ કરો છો. બહુ સ્વાદિષ્ટ છે તો અમને શી ખબર પડે ?

**"ખાને કો સ્વાદ સો તો ઓર કું ખિલાઈએ."**

ખાવાનો સ્વાદ જો માણવો હોય તો બીજાને ખવરાવતાં શીખવું. મહારાજ ! આમ નીતિ કહે છે. હું તમને વઢતો નથી. કાં મૌન રાખીને જમી લો કાં અમને બધાંને પ્રસાદ આપો. શ્રીજી મહારાજ કહે છે. "સ્વામી ! તમારી નીતિ તમને કુરબાન. અમારે એ સાથે લેવાં દેવા નહીં. ને સ્વામી આ રોટલાં એટલા સુંદર છે કે બોલ્યાં વગર રહેવાતું નથી એટલે બોલાઈ જાય છે. એટલું કહીને મહારાજ રોટલો જમવા માંડ્યા.

બ્રહ્માનંદ સ્વામીને એમ થયું, હવે તો મહારાજ માને એમ નથી. આપણને પ્રસાદ મળે એમ લાગતું નથી. હવે તો ઝાપટ મારવા દે. હવે દરોડો જ પાડું, જે થવું હોય એ થાય. ભગવાન મારા છે હું ભગવાનનો છું. વચ્ચે જે કાંઈ સર્જાય એ સહન કરી લેવું. ધીમેથી સ્વામી ઉભા થયા અને મહારાજની પાછળથી આવી મહારાજ પાસેથી આશરે દોઢ રોટલો હતો એ લઈ લીધો. અડધો રોટલો પ્રભુ આરોગી ગયા હતા. સ્વામી દોઢ રોટલો લઈને સંત સભામાં આવીને બેસી ગયા. બીજા સંતો એકદમ ફરી જ વળ્યાં. સ્વામી ! પ્રસાદી લાવો. બ્રહ્માનંદ સ્વામી કહે છે, "ના હો, પેલી થાળીઓ દેખાય છે ને, મગસને મોહનથાળની એમાંથી પ્રસાદ લઈ લો. આમાંથી નહીં મળે આ તો મારૂ એકલાનું સાહસ છે. એટલે આમાંથી કોઈને પ્રસાદ નહીં મળે." સંતોને એમ લાગ્યું કે બ્રહ્માનંદ સ્વામી આજે દાદ દે એવું લાગતું નથી. ત્યાં મુક્તાનંદ સ્વામી કહે છે, - "સંતો શા માટે અકળાવ છો ?" મુક્તાનંદ સ્વામીની પ્રકૃતિ ગંગાના જળ જેવી શાંત હતી. સ્વામી કહે છે - "સંતો ! બ્રહ્માનંદ સ્વામી તો સત્સંગની મા છે, એ છોકરાને આપ્યા સિવાય કંઈ ખાય ?" બ્રહ્માનંદ સ્વામીને એમ થયું કે હવે આપવું જ જોઈએ. અને એ રોટલાના નાના નાના કટકા કર્યા. સભામાં બેઠેલા બધા સંતો અને હરિભક્તોને એક-એક કકડો પ્રસાદીનો વહેંચ્યો.

સ્વામિનારાયણ ભગવાન જીવણ ભક્તને કહે છે, "જુઓ ભક્તરાજ ! તમારૂં તો કામ થઈ ગયું. જુઓ તમારા બે રોટલામાં તો અમે, સંતો અને હરિભક્તો બધાં જ જમ્યા. તમારી તો રસોઈ થઈ ગઈ. ફક્ત બે રોટલામાં જ ભગવાન જીવણ ભક્તની પ્રશંસા કરે છે. જીવણ ભક્તને મનમાં એમ થયું, એમાં મારૂં કાંઈ નથી, મારા પત્નીએ સુઝાડેલું એટલે લું લાવ્યો, નહીં તો હું હિંમત હારી ગયો હતો. ઘરમાં ભલે દરિદ્રતા રહેતી પણ ધન્ય છે આવી એક પત્ની મળી છે કે જેણે રંગ રાખી લીધો. એમના કરેલા બે રોટલા ભગવાન, સંત અને હરિભક્તો જમ્યા. ધન્ય પ્રભુ, મારા ઉપર મોટી કૃપા કરી છે. ભગવાન જેનો રોટલો આરોગે તેનું દારિદ્ર ઉભું ન રહે. જેમ સુદામાના મુઠ્ઠી તાંદુલા આરોગ્યા એમાં તો બંગલો બનાવી દીધો, એમ શ્રીજીમહારાજે પણ જીવણ ભક્તને જેતલપુર છોડીને અમદાવાદ મોકલ્યા અને થોડાં જ સમયમાં પરિવર્તન આવ્યું અને સુખી થયાં.

મિત્રો ! આમાં વિચાર એટલો જ કરવાનો. મઠમાં કેવો સ્વાદ હોય એ આપણે જાણીએ છીએ પણ ભક્તિમાં અને ભાવમાં કેવો સ્વાદ છે એ આપણે ન જાણીએ. એ ભગવાન જ જાણતા હોય છે. તમે જે કાંઈ કરો - ભગવાનને થાળ ધરો, દર્શન કરો, ભજન કરો, કથામાં આવો એમાં ભાવ હશે તો ભગવાનને આવો જ આનંદ આવશે. જે કાંઈ કરવું તે પૂરા ભાવથી કરવું, પ્રેમથી કરવું. કોઈને બતાવવા, કોઈને દેખાડવા ખોટી રીતે ખેંચાઈને કશું નહી કરવાનું. જે કાંઈ કરો એ ભાવથી કરો, ભગવાન બહુ રાજી થશે. ભક્તિનું બીજું નામ જ ભાવ, ભાવ ન હોય તો એ ભક્તિ વેઠ બની જાય છે અને ભાવ હોય તો તમારી બધી ક્રિયા ભક્તિ બની જાય છે.

●

## મૂર્ખની મિત્રતા ન રાખવી

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

સુખ અને દુઃખ જીવનના પર્યાય છે. તેમ છતાં તે બંને ઘણી બધી બાબતો પર આધારિત છે. સજ્જનની મિત્રતા, સારું વાંચન, સંત સમાગમ વગેરે દ્વારા સુખનો માર્ગ પ્રાપ્ત થઈ શકે છે. જ્યારે દુર્જનની મિત્રતા, નિમ્ન કક્ષાનું વાંચન તથા અસત્પુરુષનો સંગ તે દ્વારા દુઃખ આવી પડે છે. મૂર્ખ અને અવિચારી સાથેની મિત્રતાથી કેવું દુઃખ સહન કરવું પડે તેની સમજ આ વાત વાંચીને સહેલાઈથી પડી શકશે.

એક વિશાળ જંગલ હતું. તમને ખબર જ હશે કે જંગલ હોય તેમાં હિંસક પ્રાણીઓ જેવા કે વાઘ, સિંહ, રીંછ, હાથી, દિપડા પણ હોય તો વળી નાના પ્રાણીઓ જેવા કે સસલું, હરણ, ગધેડા, ઊંટ, ભેંસ, પાડી વગેરે પણ હોય. આ જંગલમાં પણ આવા વિવિધ પ્રાણીઓ રહેતાં હતાં. મોટા ભાગના પ્રાણીઓ પોતપોતાના આઠ-દસના ટોળામાં રહેતાં હતાં. તેમાં એક ગધેડો થોડો મનમાની સ્વભાવવાળો હતો તે એકલો જ રહેતો. મનમાં આવે ત્યાં ફરે, ક્યારેય જંગલમાં તો ક્યારેક જંગલની નજીકના ગામોમાં પોતાની રીતે ફરતો.

એક વખતની વાત છે. આવા આ ગધેડા સાથે એક ઊંટને મિત્રતા થઈ ગઈ. ઊંટ તો પોતાના ટોળામાં હતું પણ આ ગધેડા સાથેની મિત્રતાને લીધે ઊંટે પોતાના સંગઠનનો ત્યાગ કરી દીધો અને આ ગધેડાની સાથે રહેવા લાગ્યું. જે જુએ તે બધાને નવાઈ લાગે, આ ઊંટને વળી ગધેડા સાથે મિત્રતા !!

એકવાર બંને જંગલમાં ફરતા હતા ત્યાં પેલો ગધેડો કહે, ઊંટભાઈ ! તમને ખબર છે ? આ જંગલની બહાર એક ગામ છે તે ગામની સીમના ઘણા ખેતરોમાં લીલાછમ પાક લહેરાય છે. હું તો ઘણીવાર ત્યાં જાઉંછું, તમારે મારી સાથે આવવું છે? ઊંટને પહેલા થોડો વિચાર તો થયો કે આપણે ગામમાં કોઈના ખેતરમાં જવું સારું નહી, ક્યાંક રખેવાળના હાથનો માર ખાવો પડે. પણ ગધેડાની મિત્રતાના લીધે તેને માઠું ન લાગે તેની બીકે તે ના પાડી ન શક્યું. પોતાની ઈચ્છા ન હોવા છતાં ઊંટે ગધેડા સાથે ચાલતી પકડી.

જંગલની બહાર જવાનું એટલે વહેલી સવારે જ બંને જણા ચાલી નીકળ્યા. બપોર થતાં થતાં તો ગામની સીમ દેખાવા લાગી. ખેતરમાં નજર પડતા ઊંટને થયું કે ગધેડાની વાત તો સાચી છે. ખેતરમાં કેટલો બધો પાક લહેરાય છે. સાંજ પડી, અંધારું થયું એટલે બંને ખેતરની વાડમાં છીંડુ કરીને પેઠા. બંનેએ ઊભા પાકની મિજબાની ઉઠાવી. બંનેને ખૂબ મજા પણ પડી. વળી ઊંટને વિચાર આવ્યો, ભલે મજા તો આવી પણ આ ખેતરનો રખેવાળ જો ક્યારેક જોઈ જાય તો માર ખાવો પડે.

ઊંટ ગધેડાને કહેવા લાગ્યું - જો મિત્ર ! આપણે આજે મજા કરી તે વાત સાચી પણ રોજ રોજ આ સારૂં નહી, ચાલો પાછા જંગલમાં જતા રહીએ. પણ ગધેડાને પાછા જંગલમાં જવાની ઈચ્છા નહોતી. તે ઊંટને કહેવા લાગ્યું - આપણે જંગલમાં જવું નથી. અહીં નજીકમાં જ રહી જઈએ. રોજ રાત્રે ખેતરમાં આવીશું અને જલસા કરીશું. ઊંટની અનિચ્છા હોવા છતાં મિત્રતાને નાતે તેની સાથે રહેવા તૈયાર થઈ ગયું. થોડા દિવસ તો આ બંનેનો ખેતરમાં ધુસીને ઉભો પાક જમવાનો નિત્યક્રમ થઈ ગયો.

આ રોજનું નુકશાન જોઈ માલિકને વ્હેમ પડ્યો કે રોજ મારા ખેતરમાં ધુસીને કોઈ અનાજનો બગાડ કરે છે. પાક ઓછો થઈ જાય છે. માટે દેખરેખ રાખવી જરૂરી છે. આવો વિચાર કરી તેણે પોતાના દીકરાને ખેતરની રખેવાળી કરવા માટે ખેતરે સૂવા કહ્યું. ખેડૂતનો દીકરો રાત્રે ખેતરમાં આવ્યો. સાથે મોટી ડાંગ લઈ ખાટલો ઢાળીને ચોકી કરવા બેઠો. રાત્રીના એકાદ વાગ્યા સુધી તો જાગતો રહ્યો પછી નિરાંતે સૂતો. જેવો આ સૂઈ ગયો કે તરત જ ઊંટ અને ગધેડો પાછા ખેતરમાં પેઠા. આજે ખેતરમાં રખેવાળ છે તેથી બહુ ખેતરમાં રહેવામાં માલ નથી. તેવું જાણી ઊંટે ગધેડાને જલ્દી બહાર નીકળી જવા ઘણું સમજાવ્યો પણ ગધેડો એકનો બે ન થયો. માની જાય તો ગધેડો શાનો !! તે તો કહેવા લાગ્યો, આજે તો

(અનુ. પેજ નં. ૨૯ ઉપર)

# ॥ ભક્તિસુધા ॥

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**(એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "ચાર અનર્થ - ચૌદ દુર્ગુણો"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આવો મનુષ્ય જન્મ મળ્યા પછી ધ્યાન રાખવાનું કે ભગવાન સિવાય ક્યાંય પણ **'આસક્તિ'**ના થાય એમ જીવનમાં સાવચેત રહી અર્થપૂર્ણ મનુષ્ય જીવનનો સદ્‌પયોગ કરવો જોઈએ. એવા અનર્થ પણ ચાર પ્રકારના છે જે આપણને ભગવાનની ભક્તિથી દૂર કરી દે છે.

**(૧) પાપજન્ય અનર્થ :** આપણે ઘણીવાર ઘણા લોકોને જોઈએ છીએ કે શરીર સારુ હોવા છતાં ગરીબ હોય તો કામ કરીને પૈસા કમાય નહિ પણ ભીખ માગીને ખાય અથવા તો ચોરી કરે, વ્યસન કરે આ બધું કરે છે તો એ વ્યક્તિએ ગયા જન્મમાં પાપ કર્યું છે માટે સાચું સુઝતું નથી અને ભગવાનમાં ભક્તિમાં પણ મન લાગતું નથી.

**(૨) પુણ્ય જન્ય અનર્થ :** ગયા જન્મમાં પુણ્ય કર્યા હોય એના ફળસ્વરૂપ અઢળક ધન સંપત્તિ સુખ-સમૃદ્ધિ બધું મળ્યું હોય તે ભૌતિક સુખમાં માણસ ખોવાઈ જાય છે. તેને **'મોહ'** ઉત્પન્ન થાય છે તેથી સાચું સમજાતું નથી. મોજ શોખ તેને ભજન-ભક્તિથી દૂર રાખે છે.

**(૩) અપરાધ જન્ય અનર્થ :** જાણતા અજાણતા કોઈ મોટા પુરુષનો અપરાધ થઈ ગયો હોય છે જેના લીધે મન વ્યગ્ર થઈ જાય છે. અને જીવનમાં અનુકુળ સમય હોવા છતાં ભગવાનની ભક્તિ કરવાની ઈચ્છા થતી નથી.

**(૪) પ્રતિષ્ઠા જન્ય અનર્થ :** કોઈ પદની કે પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થઈ જાય છે. તો તેનો અહંકાર આવી જાય છે. એના થકી ધારીએ તેટલી ભક્તિ થતી નથી.

તો આ ચાર પ્રકારના અનર્થથી બચવાનો સતત પ્રયત્ન કરવાનો અને બીજુ એ છે કે માણસમાં એવા પ્રકારના દુર્ગુણો આવી જાય છે. જેના લીધે ભજન થઈ શકતું નથી. તો ચૌદ પ્રકારના એવા દુર્ગુણો છે જે **માણસની અંદર હોય તો માણસ જીવતા છતાં મરેલા સમાન ગણાય છે. કેમ કે ?** માણસ જીવતો હોય પણ જાગ્રત ન હોય અર્થાત આપણી અંદર આત્મા છે એ મરી જાય છે. તો એવા વ્યક્તિ ભગવાનને પામી શકતા નથી. આપણે રામાયણમાં જોઈએ તો અંગદ હતા તે રાવણના દરબારમાં ભગવાન રામના સંધિદૂત બનીને ગયા હતા. તો અંગદે એવા શબ્દો વાપર્યા હતા કે હું ધારું તો રાવણને મારી નાખું પણ **મરેલાને શું મારવો.** તો અંગદને રાવણના અંદર એવો દુર્ગુણ દેખાયો હતો એના હિસાબે એવું કીધું હતું.

**(૧) માસાંહારી વ્યભિચારી :** જે વ્યક્તિ માંસ ભક્ષણ કરે છે. વ્યભિચાર કરે છે. અર્થાત્ 'પરસ્ત્રીગમન' પારકી સ્ત્રીનું ચિંતવન કરે છે તે ભગવાનને પામી શકતો નથી.

**(૨) કામને વશ હોય :** જે વ્યક્તિ કામનાને વશ થઈને જીવતો હોય છે તેનામાં 'સદાચાર' અને 'સંયમ'નો અભાવ હોય છે. માટે ભગવાનને પામી શકતો નથી.

**(૩) કૃપણ (કંજૂસ) :** પોતે પૈસા ખર્ચે નહિ અને બીજા પૈસા ખર્ચે તો પણ જીવ બળે અર્થાત્ કોઈ બીજી વ્યક્તિ ભગવાનને અર્થે પૈસા વાપરે તે ગમતું નથી.

**(૪) વિમૂઢ :** વિમૂઢ એટલે વિશેષ મૂર્ખ કે જેને મનુષ્ય જન્મ મળી ગયો પણ શેના માટે પ્રાપ્ત થયો છે તેનું જ્ઞાન નથી.

**(૫) વિમુખ :** વિમુખ એટલે ભગવાનથી વિમુખ જે ભગવાનની 'આજ્ઞા' નથી પાળતો તેને 'વિમુખ' કહેવાય.

**(૬) બધાની નિંદા કરવાવાળો :** જે વ્યક્તિ પોતાના અવગુણ ન જુએ અને બીજાની અહર્નિશ નિંદા કર્યા કરે દોષ જોયા કરે તે વ્યક્તિ પણ ભગવાનને પામી શકતો નથી.

**(૭) અજશી (અપયશી) :** જેને જીવનમાં એવા કાર્યો કર્યા હોય કે ઘોર અપમાનનો સામનો કરવો પડે માથે કલંક લઈને જીવવું પડે.

**(૮) અતિ દરિદ્ર :** જેમના જીવનમાં મોહની પ્રધાનતા છે. પૈસાથી ગરીબ નહિ પણ જેની દૃષ્ટિ માત્ર ભૌતિક સુખમાં જ હોય છે. જેના જીવનમાં ભગવાન સંબંધી સુખ નથી તે અતિ દરિદ્ર મહા ગરીબ કહેવાય.

**(૯) અતિ વૃધ્ધ :** અર્થાત્ જેનું મગજ માનસિક અવસ્થાથી જર્જરિત છે. 'આત્મબળ' બહુ જ ઓછું હોય કોઈ નિર્ણય લેવામાં સક્ષમ ના હોય એવી માનસિક અવસ્થાને લીધે ભજન ના કરી શકે.

**(૧૦) સદૈવ રોગી :** જેનું શરીર કાયમ રોગી હોય તો એ શરીરના માધ્યમથી લક્ષ્ય પ્રાપ્તિ સુધી પહોંચી ના શકાય. પરિણામે જીવનમાં જે ઉદ્દેશ હોય એ પૂર્ણ કરવાનો રહી જાય.

**(૧૧) સતત ક્રોધી :** જેને સતત ક્રોધ જ આવતો હોય તો સાચું શું ? અને ખોટું શું ? તે સમજી ના શકે.

**(૧૨) વેદો અને શાસ્ત્રોના વિરોધી :** જેને વેદો અને શાસ્ત્રોની વાત માનવામાં ન આવતી હોય ભગવદ્ શાસ્ત્રો પર વિશ્વાસ ના હોય સાચા છે કે ખોટા એમ મનમાં શંકા રહ્યાં કરતી હોય.

**(૧૩) તન પોષક :** જે માત્ર શરીરનું જ ધ્યાન રાખે છે. પણ ભગવાન શરીરને નહિ આત્માને જુએ છે. સુર્પણખા હતા તે સુંદર રુપ લઈને આવ્યા હતા. પણ ભગવાન રામે તેમની સામું પણ જોયું નહિ અને શબરી અતિ વૃધ્ધ હતા તો સુંદરી કહીને બોલાવતા અને એના એઠા બોર ખાધા તો કહેવાનો અર્થ છે કે ભજન-ભક્તિ આત્માને શણગારે છે.

**(૧૪) અભિમાની :** રાવણ અતિ અભિમાની હતો ભગવાન રામ પ્રત્યક્ષ મળ્યા છતા પ્રેમથી ન પામી શક્યો. તેનું તો આપણે એ ખાસ ધ્યાન રાખવાનું કે આપણામાં અભિમાન આવે નહિ.

આ ચૌદ દુર્ગુણો જે વ્યક્તિમાં છે તે જાણે છે. પરંતુ મોહ નિંદ્રામાં સૂતા છે. કારણ કે **'આવરણ'** છે માટે તેને જીવતા હોવા છતાં મરેલાની જેમ બનાવ્યા છે. એનું કારણ એ છે કે આવા લોકો પોતાનો મનુષ્યજન્મ વ્યર્થ ગુમાવી દે છે. પોતાનું **'આત્મ કલ્યાણ'** સાધી શકતા નથી. તો આપણે ખાસ એ ધ્યાન રાખવાનું કે ભગવાન જોડે પ્રીતિ કરવાની જેમ બને તેમ વધારે સમય એમા જ **'વ્યતિત'** કરવાનો અને કેવી પ્રીતિ કરવાની તો **'અનન્ય'** અનન્ય એટલે અન્ય નહિ બીજા કોઈની જોડે નહિ આ જગતમાં ત્રણ જ વસ્તુ છે. **'ભગવાન'**, **'જીવ'** અને **'માયા'** એક બાજુ **'ભગવાન'** છે અને બીજી બાજુ **'માયા'** છે. તો કઈ બાજુ જવું છે. એનાથી બધું નક્કી થાય છે. આ સંસાર **'માયા'** દ્વારા જ રચાયેલો છે. એટલે બધું **'માયિક'** આપણા જીવનમાં વધારે આવી જાય છે. પણ સજાગ રહેવાનું છે. ધારો કે કોઈ એક રાજ્યના રાજા હોય તે સૈનિકોને કાંઈ કહી શકતા ન હોય બધાને મન ફાવે તેમ કરવા દે તો રાજ્યનું શું થાય ? પોતે ખલાસ થઈ જાય. કેમ કે ? શત્રુઓ તો રાહ જોઈને જ બેઠા હોય છે. **તો તેવી રીતે આપણે ઈન્દ્રિયોરૂપી સૈનિકોને સારી રીતે કામ નહિ સોંપીએ તો માયારુપી અંતઃશત્રુઓ તો રાહ જોઈને જ બેઠા છે.** માટે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી આત્મબળ મજબૂત રાખી દરરોજ અભ્યાસ કરવાનો પાંચ મિનિટ બેસીને વિચારવાનું. **કેમ કે ? આપણી અંદર શું ચાલે છે તે માત્ર આપણને જ ખબર પડે છે. માટે પોતાની જાતને નિયમિત ટકોર કરતા રહેવાનું ને યાત્રાના અંતમાં આપણું જે 'લક્ષ્ય' છે તે કાર્ય પ્રારંભમાં જ કરી લેવાનું.** આપણે કોઈ આધ્યાત્મિક યાત્રામાં જવાનું હોય તો બધી વસ્તુ યાદ કરીને પહેલા જ મૂકી દઈએ છીએ જેથી ત્યાં જઈને તકલીફ ના પડે. તો આ યાત્રા એવી છે કે તેમાં સાથે કાંઈ જ નથી લઈ જવાનું મનને ટકોર કરીને બધુ અહિંયા જ મૂકી દેવાનું છે. હળવા ફૂલ થઈને જવાનું છે. જેથી જીવનના અંતે તકલીફ ના પડે.

●

### સ્વામિનારાયણ મહામંત્ર

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

આ હળાહળ કળિયુગ છે. અને આ કળિયુગમાં મનુષ્ય જન્મ સાર્થક કરવા માટેના કલ્યાણકારી સાધનો ઘણાય છે. જેમ કે જપ, તપ, વ્રત, દાન, યજ્ઞ આદિક કલ્યાણકારી સાધનો છે. પણ આ બધા સાધનો કરતા **"સ્વામિનારાયણ મહામંત્ર** એજ બળવાન સાધન છે. એજ સુખ કરે છે. અને સંસારને તારનાર છે. અને જન્મ મરણના ફેરામાંથી તારનાર છે. ભગવાનનું નામ લેવામાં કાંઈ નિયમ નથી કે કાંઈ વિધિ નથી. કોઈપણ ખર્ચ કે મહેનત નથી. સ્વામિનારાયણ નામ બાળકો લઈ શકે છે. યુવાનો, વૃધ્ધો, ઉચ્ચ, નીચ કોમના સ્ત્રી-પુરુષો માંદા માણસો વિગેરે લઈ શકે છે. માટે દરેક સત્સંગી બહેનોએ કમર કસીને ભગવાનના નામનો જપ કરવો. જપ કરવાથી મનો મંદિર શુધ્ધને પવિત્ર થાય છે. જો મન શુધ્ધ થશે તો જ માયાનો નાશ થશે. ને માયાનો નાશ થશે તો જ હૃદયમાં ભગવાન અખંડ રહેશે. ને ત્યારે જ જીવનો મોક્ષ થશે. સત્યુગમાં ધ્યાન કરવાથી, ત્રેતાયુગમાં યજ્ઞ કરવાથી, દ્વાપરયુગમાં સેવા કરવાથી જે ફળ મળે તે 'કળિયુગમાં ભગવાનના' નામનો જપ કરવાથી મળે છે. ભગવાને સ્વમુખે નારદજીને કહ્યું છે કે હું વૈકુંઠમાં રહેતો નથી. યોગીઓના હૃદયમાં રહેતો નથી. પણ હું તો મારા ભક્તો જ્યાં મારા નામની ધૂન મચાવે છે ત્યાં જ હું રહું છું. માટે હાલતા-ચાલતા-ખાતા-પીતા સર્વે ક્રિયામાં શુધ્ધ મનથી સ્વામિનારાયણ મંત્રનો જાપ કરવો. સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરે તે જ સુખી થાય છે. અને તેના અનેક જન્મોના પાપ બળી જાય છે.

**"જે સ્વામિનારાયણ નામ લે છે તેના બધા પાતક બાળી દે છે,**
**છે નામ મારા શ્રૃતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક."**

આમ ભગવાનના મંત્ર જાપ ના બળથી પાતકી, પાતકીથી મૂકાય છે. રોગી રોગથી મુકાય છે. અને દુઃખી દુઃખથી મૂકાય છે. રામ નામના મંત્ર જાપથી હનુમાનજી સાગર કુદી લંકામાં પહોંચી ગયા. વાંદરાઓએ સાગરમાં પાજ બાંધી અને પથ્થરો તર્યા. તથા શ્રીહરિના નામ સ્મરણથી ગજેન્દ્ર મગરના મુખથી મૂકાણો અને પરમપદને પામ્યો. એવી જ રીતે પ્રભુના નામના બળથી, પ્રતાપથી મંજારીના બચ્ચાઓ નિભાડામાંથી બચી ગયા. એટલે કે

માટલાના નિભાંડામાં મંજજારીએ બચ્ચાં મૂક્યા હતા. કુંભાર ભૂલી ગયો. અને નિભાંડો સળગાવ્યો. પછી તેને મંજજારીના બચ્ચા યાદ આવ્યા. યાદ આવતા કુંભારે આખી રાત્રી પ્રભુના નામની ધૂન કરી. તો શ્રીહરિએ બચ્ચાઓની રક્ષા કરી. જરાય આંચ આવવા દીધી નહિ.

સ્વામિનારાયણ મહામંત્રથી કાળાનાગનું ઝેર પણ ઉતરી જાય છે. તેનો પ્રત્યક્ષ પુરાવો છે. જે હળવદ તાલુકામાં ઘનશ્યામ નગર ગામમાં એક હરિભક્તને સર્પ કરડ્યો. ત્યારે ગામના લોકો કહે કે દવાખાનામાં લઈ જાવો નહિતર આ ઝેર આખા શરીરમાં ફરી વળશે. ત્યારે તે હરિભક્ત કહે મને ક્યાંય લઈ જશો નહિ. મંદિરમાં જઈને ભગવાન સન્મુખ સ્વામિનારાયણ મંત્રની ધૂન આખી રાત્રી કરી તો સર્પનું ઝેર ઉતરી ગયું. માટે આ મંત્ર સમર્થ છે.

આપણે દરરોજના ૨૧,૬૦૦ શ્વાસ લઈએ છીએ. શ્વાસોશ્વાસે ભગવાનનું નામ રટન કરવું જોઈએ. પણ આપણને ૨૪ કલાક નામ રટન કરી શકતા નથી. તો પછી ૨૪ કલાકમાંથી એક કલાક પણ ભગવાનનું નામ લઈએ તો પરમાત્માને એમ થાય કે મેં મોકલેલ જીવ, તેને મનુષ્ય જન્મ સાર્થક કર્યો છે. તો દરેક બહેનોએ પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તો પ.પૂ.અ.સૌ. શ્રી ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં નિયમ લેશો કે, કામકાજ કરતા માળા ફેરવતા ફેરવતા સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામનો અખંડ જપ કરવો.

એક સમયે ગ્વાલિયર પરગણામાં બામરોલી ગામમાં ગિરધારી નામનો ગુજ્જર જ્ઞાતિનો સારો સત્સંગી, શ્રીજી મહારાજને મળેલો હતો. તે પોતાની સ્ત્રીને સાથે લઈને પોતાના સાસરેથી તેડીને પોતાને ઘેર આવતા હતા. પણ ઘેર આવતા રસ્તામાં રાત પડી ગઈ. એટલે વચ્ચે કોઈ એક ગામમાં એક રજપૂતના ઘરે બન્ને જણ રાત્રી રોકાયા. ત્યારે તે સ્ત્રીને જોઈને રજપૂતની નજર બગડી પછી તો સવારે વહેલા ઉઠીને તે બેય પોતાના ગામ જવા ચાલ્યા. ત્યારે અંધારૂ ઘણું જોઈને પોતાની સ્ત્રી બોલી જે હજુ તો રાત્રી ઘણી છે. અને તે રજપૂતની નજર મને સારી જણાતી નથી. તમો તમારો સ્નેહી ભાઈબંધ જાણીને તેને ઘેર ઉતર્યા ને રાત રહ્યા. પણ તે ખરાબ માણસ મેલી બુદ્ધિનો છે. માટે મારગમાં જતા કાંઈક વિઘ્ન થશે. તેથી સવાર થવા દઈને ચાલો. અથવા કોઈક સથવારો ભેગો લઈને ચાલો. એમ તેની સ્ત્રી બોલી પણ ગીરધારીએ તો તે વાત ગણકારી જ નહિ. ને ચાલ્યો ત્યારે તેના ઘરના પણ મહારાજને સંભારીને પાછળ ચાલ્યા. પાંચ ગાઉ ગયા ત્યારે મોટી નદી આવી. તેમાં સ્નાન કરીને પૂજાપાઠ કરીને ટીમણ કરવા બેઠા. તે સમયે પેલો રાજપૂત મોટા ઘોડા ઉપર બેસીને હાથમાં મોટો ભાલો લઈને ઉતાવળો થકો તરત નજીક આવ્યો. તે જોઈને બાઈતો પોતાનો ધર્મ સાચવવા માટે શંકરના મંદિરમાં પેસી ગઈ. અને અંદરથી સાંકળ વાસી દીધી.

ગિરધારીના પાસે તે રજપૂતે આવીને છાતીમાં ભાલો મારી, મારી નાખ્યો. આમ ગિરધારી તો શ્રીજી મહારાજને સંભારતો થકો પોતાનો દેહ મૂકી દીધો. પછીતો રજપૂત મંદિરને સમીપે જઈને બોલ્યો જે, હે સ્ત્રી ! તું બારણું ઉઘાડ, તારા પતિને તો મેં મારી નાખ્યો છે. તું ચિંતા કરીશ નહિ. એમ કઠોર વચન સાંભળીને તે બાઈના અંતઃકરણમાં મહા ત્રાસ ઉત્પન્ન થયો. જે હવે મારા પતિને તો તેણે મારી નાખ્યો હશે. પછી શંકર ભગવાનને આર્તનાદથી પ્રાર્થના કરી. હે શિવજી હે, ભોળાનાથ, હે દયાળુ ! હું તો તમારે શરણે આવી છું અને આ પાપી મારી લાજ લેવા માટે આવ્યો છે. અને હું તો પતિવ્રતા છું. એવી રીતે રડતા થકી પોતાના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રનો ઉચ્ચ સ્વરે સ્મરણ કરીને બોલી, જે હે મહારાજ, આ સમયે મારી સહાય કરો. નહીંતર હું જીભ કરડીને મરીશ જઈશ. પણ મારો પતિવ્રતાનો ધર્મ નહી મૂકું. હે મહારાજ, તમો ક્યાં ગયા, આવો ઉતાવળા. તે બાઈની પ્રાર્થના સાંભળીને ઉતાવળા થકા આવીને તે રજપૂતને મદનો ભરેલો જોઈને તેને મંદિરમાં થાંભલા સાથે સજ્જડ પથ્થર જેવો કરીને તે બાઈને પોતાનું અલૌકિક દર્શન આપીને બોલ્યા જે, તારો પતિ મરી ગયો છે. પરંતુ તેના ઉપર વસ્ત્ર ઓઢાડીને પાંચ પ્રદક્ષિણા અમારૂં સ્વામિનારાયણ નામ લઈને ફરજો. એટલે નેત્ર ઉઘાડીને તરત તમારો પતિ સજીવન થશે. ને બેઠો થશે. પછી તેના ઘોડા ઉપર બેસીને તમો બંને જણ તમારે ઘેર જજો ને મારૂં ભજન કરજો. પેલા રજપૂતને તો અમોએ પથ્થર કરી નાખ્યો છે. તમો જરા પણ હવે તેનાથી બીશો નહિ તેનો જીવ નીકળી ગયો છે. એમ કહીને તે બાઈને વિશ્વાસ આપવા માટે તે સાંકળને પોતે ઉઘાડીને અદ્રશ્ય થઈ ગયા. આવો પ્રતાપ જોઈને તે બાઈ આનંદ પામતી થકી શંકરના મંદિરમાંથી બહાર આવીને શ્રીજી મહારાજના કહેવા પ્રમાણે પોતાના મરેલા પતિ ઉપર કપડું ઓઢાડીને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ મંત્ર પોતાના મુખથી ઉચ્ચારણ કરતી થકી પરિક્રમા ફરવા લાગ્યા. એટલે ગિરધારી આળસ મરડીને, બે નેત્ર ઉઘાડીને બેઠો થયો અને શ્રીજી મહારાજના પ્રતાપથી ગોલોક, વૈકુંઠ તથા શ્વેતદ્વિપની તથા અનેક ધામોની તથા સત્ય લોકની કૈલાશ તથા અક્ષરધામની વાતો પોતાની પત્ની આગળ કહી. તે સાંભળીને તે બાઈ પણ પોતાની જે રીતે

શ્રીજી મહારાજે રક્ષા કરી તેને સાંભળીને બંને આનંદ પામ્યા. રજપૂતના ઘોડા પર બેસીને પોતાના ગામમાં ગયા. આમ **"સ્વામિનારાયણ મહામંત્ર"** મરતાંને જીવતા કરે એવો મહાપ્રતાપી મંત્ર છે.

●

**સંતો ને પગરખાં પહેરાવ્યા**

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

મહારાજ હરિનવમીનો સમૈયો કરવા વડતાલ જવા નીકળ્યા. બપોર ને વખતે ગામ ભોળાદની સીમમાં મહારાજ સંતોના સંઘ સાથે વિસામો કરવા થોભ્યા. ચૈત્ર માસનો તાપ તપતો હતો. સંતો પોતાના ગાતરિયાં પાસેના એક કૂવામાં ભીનાં કરી આવ્યા. વળી તુંબડામાં પાણી ભરી જમીન પર છાંટી, જમીન ઠંડી કરી. પછી ઝાડ નીચે ઉપર અને ચારે બાજુ ભીનાં ગાતરિયાં બાંધી ઓરડી જેવું બનાવ્યું. છાંયડોય થયો અને ઠંડક પણ થઈ. મહારાજને અંદર ગોદડું પાથરી પોઢાડ્યા.

મહારાજને સૂતાં સૂતાં વિચાર આવ્યો, "આવા તાપમાં સંતો ઉઘાડે પગે ચાલે છે, વળી કેટલાક સંતો ને તો પગે ફોલ્લા પડ્યા છે. તેમના પગ કેટલા બળતા હશે !" મહારાજનાં હૃદયમાં લાગી આવ્યું. સહજ નમતો પહોર થયો એટલે મહારાજ જાગ્યા. અને સંતોને કહ્યું, "આજથી તમારે પગમાં ચામડાનાં પગરખાં પહેરવાં. મારી આજ્ઞા છે માટે તમો સૌ જોડા પહેરજો." આમ સંતોને જોડા પહેરવાની આજ્ઞા કરી મહારાજ આગળ ચાલ્યા. ત્યાં વારણાને રસ્તે બુટદેવીનું મંદિર આવ્યું, ત્યાં વરખડાના ઝાડ નીચે મહારાજ સભા કરી બેઠા. મહારાજે જોરભાઈને કહ્યું. "કાંઈ હોય તો લાવો અમારે ટીમણ કરવા છે." જોરભાઈ એ કહ્યું "કમિયાળાના ગઢવી ખીમરાજની પત્નીએ આપેલી બશેર સાકર છે, કહો તો એ આપું." મહારાજ કહે, "લાવો સાકર." મહારાજે સાકરની પોટલી લીધી. તેમાંથી ખોબો ભરીને સુરાખાચરને આપી. સુરાખાચરે મહારાજનો પ્રતાપ જોવા રમૂજમાં કહ્યું. "આમ આખા સંઘમાં દરેકને ખોબો ખોબો સાકર આપો. મહારાજ કહે "ભલે". મહારાજે સૌને ખોબે-ખોબે સાકર આપી. પોતે ખાધી તોય છેલ્લે હતી તેટલી બશેર જેટલી વધી.

અનુ. પેજ નં. ૨૫ નું ચાલુ

અહીં જ રહેવું છે. વળી આજ તો ઘણું ખુશનુમા વાતાવરણ છે તેથી મને તો આજે ગાવાનું મન થયું છે. ઊંટ કહે કે રહેવા દે પણ ગધેડો ઊંટને કહેવા લાગ્યો. અરે મિત્ર ! મારા સંગીતથી પેલો રખેવાળ વધારે ઊંઘશે અને આપણને વધુ પાક ખાવાની મજા આવશે. બહુ સમજાવવા છતાં ગધેડાએ તો પોતાનું સંગીત ચાલુ કર્યું. સંગીત અને તે પણ ગધેડાનું !! પછી તો શું બાકી રહે ? પેલો રખેવાળ જાગ્યો. બાજુમાં પડેલી મોટી ડાંગ લઈને ઊંટ અને ગધેડાને બરાબરનો મેથીપાક આપ્યો. બંને ને બરાબર માર મારી ઘણા દિવસની દાઝ ઉતારી. જેમ તેમ કરી જીવ બચાવી બંને નાઠા.

હવે ઉંટને બહુ પસ્તાવો થવા લાગ્યો. તેને પોતાની બે ભૂલો માટે ઘણું દુઃખ થયું. એક ભૂલ કે આવા મનમોજી, મૂરખ અને રખડચંદ ગધેડા સાથે મિત્રતા કરી અને બીજી ભૂલ કે મિત્રતા તો કરી પણ તેની દરેક ખોટી બાબતમાં તેની સાથે રહ્યો. એ સાચી વાત ન માન્યો તો તેને છોડી ન દીધો. પોતાની ભૂલ સમજાયા પછી તેણે આ મૂરખ ગધેડાની સોબત છોડી દીધી ને વનમાં પાછું પોતાના ટોળામાં જતું રહ્યું.

મિત્રો ! જોયું ને, મૂરખ ગધેડાની સોબતથી સમજુ ઊંટને પણ ખૂબ માર ખાવો પડ્યો. હંમેશા એક વાત યાદ રાખવી જોઈએ કે આપણે આ ઊંટ જેવા ન થવું.

જે વ્યક્તિ પોતાના માતા-પિતા, વડીલો, ગુરૂજનોની વાત માનતો નથી ને પોતાના મનમાં આવે તેમ જીવે છે તેનું પતન નિશ્ચિત છે, વળી આવા મૂરખ ને ઉધ્ધત માણસની સોબત કોઈ સજ્જન વ્યક્તિ રાખે તો તે સજ્જનને પણ માર ખાવો પડે છે. આવા ઉધ્ધત અને મૂર્ખ વ્યક્તિઓ પોતાનું હિત ઈચ્છતા વ્યક્તિની વાત પણ સ્વીકારી શકતા નથી. જેથી તેઓ તો દુઃખી થાય જ છે પણ પોતાની સમજણ મુકીને આવા મૂરખની વાત પ્રમાણે ચાલનાર સજ્જનને પણ અનેક પ્રકારની મુશીબતોનો સામનો કરવો પડે છે. માટે હંમેશા એક વાત ધ્યાન રાખવી - મિત્રતા રાખવી હોય તો હંમેશા સજ્જન સાથે રાખવી. જો કોઈ સજ્જન ન મળે તો એકલાં રહેવું સારું પણ કોઈ દુર્જનની, મૂર્ખની મિત્રતા તો કોઈ દિવસ રાખવી નહીં.

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને એટલા માટે જ નિત્ય પ્રત્યે સંતપુરુષનો સંગ રાખવાની ભલામણ કરી છે. આ ભલામણને જીવનમાં ઉતારીએ અને ધન્ય બનીએ.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ સત્સંગિજીવન ગ્રંથમાં ધર્મ સિધ્ધિના સાત મૂળ બતાવ્યા છે તે સાત મૂળ ક્યા છે તે જણાવશો અને ક્યા પ્રકરણમાં છે ?

પ્ર. ૨ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે કે, ''અમારા આશ્રિત પુરુષ અને સ્ત્રીઓ તે ધર્મ-અર્થ-કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિધ્ધિને નિશ્ચય પામશે, શું કરે તો આ ચાર સિદ્ધિને પામે ?

પ્ર. ૩ ગૃહસ્થ હરિભક્તોએ નિત્ય ક્યા પંચ મહાયજ્ઞો કરવા ?

પ્ર. ૪ ગઢપુરમાં શ્રીહરિ સભામાં બિરાજમાન હતા, તે સમયે મહારાજ વાતો કરતાં જાય અને બોલતા જાય કે ''બહુ તાપ લાગેછે, બહુ ગરમી છે. - આ વાત સાંભળીને ભીમાવોરા ભગતે બીજે દિવસે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે, 'કાલે મહારાજ આમ કેમ બોલતા હતા.' ત્યારે સ્વામીએ તેને ઘેર જવા કીધું. ભગત ઘરે આવ્યા ત્યારે તેમણે શું જોયું ? આ ભીમાવોરા ભગત ક્યા ગામના હતા ?

પ્ર. ૫ નારાયણ ગીતા ક્યા ગામમાં કહેવામાં આવી અને તેના કેટલા શ્લોક છે ?

પ્ર. ૬ અમદાવાદ દેશના કુલ કેટલા વચનામૃત છે ?

પ્ર. ૭ ''પુરુષોત્તમ પુરણ પ્યારા રે, છેલ છબીલા છોગાળા.'' - આ કીર્તનના રચયિતાનું નામ જણાવશો.

## જુલાઈ-૨૦૨૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) ઐશ્વર્યાર્થી - કનિષ્ઠ. (૨) શ્રીજી મહારાજે સુરા ખાચરને - ગઢડામાં. (૩) ''यान्मित्रं परमानंद पूर्ण ब्रह्मसनातनम्''. (૪) ભક્તચિંતામણી પ્રકરણ-૧૩૭ અમદાવાદના પ્રાણવલ્લભ ભક્તની વાત. (૫) ઋજુ અત્યંત સરળ સ્વભાવ વાળા.... ભક્તોની અનુકૂળતા મુજબ વર્તનારા. (૬) મામૈયો, હાથીયો, રામલો સાધુ થવા મામૈયો ગયો હતો. (૭) સ.ગુ. મુક્તાનંદ સ્વામી.

૧ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૨ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૩ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૪ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૫ ભાવસાર અરવિંદાબેન (ચાંદલોડીયા)
૬ સાંખ્યયોગી ભારતીબા, મંજુબા (કાલુપુર હવેલી)
૭ સાંખ્યયોગી કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૮ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૯ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૧૦ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૧૧ પટેલ વંદનાબેન કનૈયાલાલ (રાણીપ)
૧૨ સાંખ્યયોગી કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૩ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૧૪ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૧૫ પટેલ સંગીતાબેન મનોજકુમાર (અંબાપુર)
૧૬ પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર)
૧૭ પટેલ નીતાબેન પોપટભાઈ (અંબાપુર)
૧૮ પટેલ સંગીતા અરૂણભાઈ (અંબાપુર)
૧૯ મોદી ભરતભાઈ અમૃતલાલ (માણસા)
૨૦ પટેલ વલ્લભભાઈ શિવાભાઈ (સોજા)
૨૧ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૨૨ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૩ પટેલ જોઈતાભાઈ આત્મારામ (ઝુલાસણ)
૨૪ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૨૫ પટેલ લીલાબેન જોઈતારામ (ઝુલાસણ)
૨૬ ઠક્કર હસુબેન કનૈયાલાલ (ઈશનપુર)
૨૭ પટેલ અલ્કાબેન દિનેશભાઈ (લુણાવાડા)
૨૮ પટેલ શારદાબેન હીરાભાઈ (સાબરમતી)
૨૯ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (ઘાટલોડીયા)
૩૦ પટેલ ઉષાબેન એમ. (વાવોલ)
૩૧ પટેલ શારદાબેન એચ. (વાવોલ)
૩૨ સીતાપરા ગોરધનભાઈ વાલજીભાઈ (બાપુનગર)
૩૩ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૩૪ સાંખ્યયોગી બહેનો (સ્વા. મંદિર દરબારગઢ-મોરબી)
૩૫ કંચનબેન બાબુભાઈ અડાલજા (રતનપર)
૩૬ પલ્લવી આર. સોની (સુરેન્દ્રનગર)
૩૭ ડાભી પ્રભાતજી ચેહરજી (ડાંગરવા)
૩૮ પટેલ નટવરભાઈ પરસોતમદાસ (નિર્ણયનગર)

# સત્સંગ સમાચાર

### પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ સમક્ષ ભવ્ય હિંડોળા દર્શન

સર્વોપરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિત માત્રના કલ્યાણ અને મોક્ષ માટે સંપ્રદાયમાં ઉત્સવોની પરંપરા પ્રર્વતાવી છે. તે પરંપરા મુજબ શ્રાવણ માસમાં ભગવાન શ્રીહરિને વિવિધ પ્રકારના ઝુલા (હિંડોળા)માં ઝુલાવીને અલૌકિક દર્શન કરાવવામાં આવે છે. અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ બીજ પર્યન્ત આપણા નાના મોટા દરેક મંદિરોમાં વિધવિધ પ્રકારના હિંડોળા બનાવીને સંત-હરિભક્તો ભગવાન શ્રીહરિને ઝુલાવવાનો અનેરો આનંદ લેતા હોય છે.

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવં સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂજ્ય સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના સુંદર માર્ગદર્શન અને પ્રેરણાથી તેમજ કોઠારી સ્વામી આદિ સંત મંડળ અને એપ્રોચ (બાપુનગર)ના સંત-હરિભક્તોના સુંદર પ્રયાસ અને સેવા ભાવના અને શ્રધ્ધા પ્રેમથી ભવ્ય બેનમૂન વિધવિધ પ્રકારના હિંડોળામાં સુંદર શણગાર કરીને સાંજના ઠાકોરજીને ઝુલાવીને આપણા મંદિરની વેબ સાઈટ પર રોજ દર્શન કરાવ્યા હતા. હાલના પ્રવર્તમાન કોરોના મહા મારીના સમયમાં હરિભક્તોએ ઘેર બેઠા દર્શન કરીને મહાલાભ લીધો હતો. (કોઠારી સ્વામી મહાપુરુષદાસજી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) દ્વારા થયેલ રાહત સેવાયજ્ઞ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી, સંપ્રદાયના પાયામાં રહેલી માનવ સેવાના આદર્શને વરેલા આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદ તેમજ મહંત સ.ગુ. શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીની પ્રેરણા-માર્ગદર્શન નીચે મંદિરના સ્ટાફ મિત્રો અને સ્વયંસેવક હરિભક્તો દ્વારા ભક્તજનોની તન, મન, ધનની સેવાથી કોરાનાની વૈશ્વિક મહામારી દરમિયાન તા. ૨૫-૩-૨૦ થી ૬-૬-૨૦ સુધી સતત ૭૪ દિવસ સુધી જરૂરિયાત મંદ લોકો માટે સુંદર સેવાયજ્ઞ ચલાવ્યો હતો.

સેવા પ્રવૃત્તિ અંતર્ગત ૬૭૫૦૦ વ્યક્તિઓને બટાકા પૌવા, ફુલવડી, સ્વા. ખીચડી, ખમણ, ઉપમા, પુલાવ વગેરે દરરોજ ગરમ ગરમ નાસ્તો પ્રસાદ બનાવીને જમાડ્યો હતો. ૨૭૩૨૦ શાકભાજીની કીટ તેમજ ચોખા, તુવેરદાળ, ગોળ, લોટ, તેલ, મરચું, હળદર, ધાણાજીરૂ વગેરેનો જેમાં સમાવેશ થાય છે. તેવી ૨૪૦૦ રાશનની કીટનું જરૂરિયાતવાળા લોકોને વિતરણ કરાયું હતું. (ગોરધનભાઈ વી. સીતાપરા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની (બાપુનગર) દ્વારા થયેલ સુંદર સેવાયજ્ઞ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી પ.ભ. શ્રી પરષોત્તમભાઈ (દાસભાઈ)ની પ્રેરણા-માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સ્વયંસેવકો તેમજ સેવાભાવી બહેનો દ્વારા કોરોનાની વૈશ્વિક મહામારીના વિષમ કાળ દરમિયાન તા. ૨૯-૩-૨૦ થી શરૂ કરી સતત ૪૨ દિવસ સુધી સુંદર સેવા યજ્ઞ ચલાવ્યો હતો.

જે અંતર્ગત આવા વિષમ કાળમાં ફરજ બજાવતા બાપુનગર, અજિત મીલ, રખિયાલ, ગોમતીપુર અને કૃષ્ણનગર વિસ્તારના સંનિષ્ઠ પોલીસ કર્મીઓ તેમજ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ જવાનોને દરરોજ બપોરના ૧૫૦ તથા સાંજના ૧૦૦ મળી કુલ ૨૫૦ જેટલા કર્મીઓને મંદિરમાં જ બહેનો દ્વારા તૈયાર થયેલ ગરમ ગરમ રસોઈ ભોજન પ્રસાદ રૂપે જમાડીને તેઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સાથે ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારના જરૂરિયાત મંદ લોકોને દરરોજ અનાજની કીટ તેમજ ફુડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

# સંવત ૨૦૭૬-૭૭ ના વર્ષમાં ચોમાસામાં ગામડાંઓમાં (દેશ) કથા કરવા ગયેલ સંતોની યાદી

| દેશનું નામ | મંડળધારીનું નામ |
|---|---|
| પોર-વાવોલ | સ્વામી નંદકિશોરદાસજી ગુરુ સ્વામી હરિનારાયણદાસજી |
| ધમાસણા | સ્વામી જયપ્રકાશદાસજી ગુરુ સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર) |
| અમદાવાદ શહેર | **ચોર્યાસી** શાસ્ત્રી સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી ગુરુ પી.પી. સ્વામી (ગાંધીનગર) |
| કણભા | શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કેશવચરણદાસજી (કચ્છી) |
| બાલાસિનોર | સ.ગુ. શાસ્ત્રી સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી ગુરુ સ્વામી સ્વયંપ્રકાશદાસજી (કાલુપુર) |
| આંતરોલી | સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ્વામી જાનકીવલ્લભદાસજી (કાંકરીયા) |
| લુણાવાડા | સ્વામી હરિકૃષ્ણદાસજી ગુરુ સ્વામી નારાયણજીવનદાસજી |
| મારૂસણા | સ્વામી સત્યસંકલ્પદાસજી ગુરુ સ્વામી જગદીશપ્રસાદદાસજી (ધોળકા) |
| ટ્રેન્ટ સીતાપુર | શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| વિસનગર | શાસ્ત્રી સ્વામી નારણવલ્લભદાસજી ગુરુ સ્વામી હરિસેવાદાસજી (વડનગર) |
| ખાખરીયા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી બાલકૃષ્ણદાસજી (જયદેવપુરા) |
| પ્રાંતિજ-મોડાસા | શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી ગુરુ સ્વામી દેવપ્રસાદદાસજી (અયોધ્યા) |
| કપડવંજ | સ.ગુ. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી ગુરુ સ્વામી આનંદપ્રસાદદાસજી (કાલુપુર) |
| સાણંદ-ગોધાવી | સ.ગુ. સ્વામી ધ્યાનપ્રિયદાસજી ગુરુ ધ્યાની સ્વામી (બાવળા) |
| શિરોહી | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ગુરુપ્રસાદદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી હરગોવિંદદાસજી |
| વિહાર-ગેરીતા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી ગુરુ સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (કાલુપુર) |
| વડું-ડાંગરવા | શાસ્ત્રી સ્વામી સિધ્ધેશ્વરદાસજી (ઈડર) |
| બાલવા | સ્વામી શ્રુતિપ્રકાશદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી આનંદપ્રસાદદાસજી |
| સાદરા-વાસણા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી લક્ષ્મણજીવનદાસજી ગુરુ શા.સ્વામી નિર્ગુણદાસજી (એપ્રોચ) |
| ભાત-કાસીન્દ્રા | સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ્વામી હરિનારાયણદાસજી (અમદાવાદ) |
| નળકંઠા | સ્વામી નંદકિશોરદાસજી ગુરુ સ્વામી હરિનારાયણદાસજી |
| વિરમગામ | શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| કુડાળ-રાજપુર | સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ્વામી હરિનારાયણદાસજી (અમદાવાદ) |
| લાંઘણજ | સ્વામી ધર્મકિશોરદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી જગતપ્રકાશદાસજી |
| મોખાસણ | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધર્મપ્રવર્તકદાસજી ગુરુ ધ્યાની સ્વામી |
| સંતરામપુર | શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી (અમદાવાદ) |
| ઉંઝા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી ગુરુ સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (કલોલ) |
| મુંબઈ (ધર્મકુળ આશ્રિત મંડળ) | સ.ગુ. શાસ્ત્રી સ્વામી લક્ષ્મણજીવનદાસજી ગુરુ શા.સ્વામી નિર્ગુણદાસજી (એપ્રોચ) |
| બનાસકાંઠા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી<br>ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) |
| સુરેન્દ્રનગર | પાર્ષદ ભગવાન ભગત ગુરુ મોહન ભગત (શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી) |
| લીંબડી | પાર્ષદ ભગવાન ભગત ગુરુ મોહન ભગત (શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી) |
| મોરબી | પાર્ષદ ભગવાન ભગત ગુરુ મોહન ભગત (શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી) |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| જેઠ સુદ-૧૫ | હાલાઈ દેવુબેન નારાયણભાઈ (સાટા) | સુરજપર-કચ્છ |
| જેઠ વદ-૧ | અ.નિ. તેજાબેન લાલભાઈ પટેલ (મોહનથાળ) | ઉનાવા |
| જેઠ વદ-૪ | સુખદેવભાઈ અને વાસુદેવભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| જેઠ વદ-૭ | પટેલ અમરકુમાર વિષ્ણુપ્રસાદ (બુંદીના લાડુ) | નારાયણનગર |
| જેઠ વદ-૧૨ | અ.નિ. દેવકુંવરબેન કેશવભાઈ પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| જેઠ વદ-૧૨ | સ.ગુ. સ્વામી બાલસ્વરૂપદાસજી (મગસ) | મૂળી |
| જેઠ વદ-૧૨ | અ.નિ. નટવરલાલ જીવરાજભાઈ જોબનપુત્રા (ચુરમાના લાડુ) | રાજકોટ |
| જેઠ વદ-૧૨ | પટેલ બળદેવભાઈ (મૈસુબ) | મોખાસણ |
| જેઠ વદ-૧૨ | પટેલ રિધ્ધેશભાઈ બળદેવભાઈ (ચુરમાના લાડુ) | કડી |
| જેઠ વદ-૧૩ | પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી (ચુરમાના લાડુ) | સ્વા. બાગ-મેમનગર |
| અષાઢ સુદ-૧ | અ.નિ. કેશવભાઈ ધરમશીભાઈ (ચુરમાના લાડુ) | થલતેજ |
| અષાઢ સુદ-૨ | ઘનશ્યામ ટીમ્બર માર્ટ (ડ્રાઈફ્રુટ હલવો) | અમદાવાદ |
| અષાઢ સુદ-૪ | ઠક્કર રાજેશભાઈ (દૂધપાક) | અમદાવાદ |
| અષાઢ સુદ-૮ | અ.નિ. શાંતાબેન નારણભાઈ પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અષાઢ સુદ-૯ | ઓઝા બિપીનભાઈ (બુંદી) | અમદાવાદ |
| અષાઢ સુદ-૧૨ | પટેલ અમરકુમાર વિષ્ણુપ્રસાદ (માલપુંવા) | નારાયણનગર |
| અષાઢ સુદ-૧૨ | રૈયાણી બિંદીયાબેન કેવિનકુમાર (મોહનથાળ) | અમદાવાદ |
| અષાઢ સુદ-૧૨ | સુહાગીયા કીર્તન અલ્પેશભાઈ (મોહનથાળ) | એપ્રોચ |
| અષાઢ સુદ-૧૨ | પટેલ કમલેશભાઈ દિનેશચંદ્ર (બુંદી) | અમદાવાદ |
| અષાઢ સુદ-૧૫ | નાનજીભાઈ (મગસ) | |
| અષાઢ વદ-૨ | અ.નિ. લીલાબેન વિક્રમભાઈ ચૌધરી (મોહનથાળ) | માણેકપુર |
| અષાઢ વદ-૪ | અ.નિ. વાલબાઈ મેઘજી ગાજપરીયા (મોતીયા લાડુ) | બળદીયા-કચ્છ |
| અષાઢ વદ-૬ | અ.નિ. ગણેશભાઈ લવજીભાઈ ડુંગરાણી (ડ્રાઈફ્રુટ હલવો) | સુરત |
| અષાઢ વદ-૭ | પટેલ સુમનભાઈ રમણભાઈ (મગસ) | પોર |
| અષાઢ વદ-૧૦ | અ.નિ. બ્રહ્મચારી સ્વામી કૃષ્ણપ્રિયાનંદજી (મગસ) | કાલુપુર મંદિર |
| અષાઢ વદ-૧૨ | અ.નિ. ધીરજલાલ માધવજી ઠક્કર (દુધપાક પુરી) | અમદાવાદ |
| અષાઢ વદ-૧૨ | ભાવસાર દિવ્યાંગ રાજેન્દ્રકુમાર (ડ્રાઈફ્રુટ હલવો) | રાણીપ |
| અષાઢ વદ-૧૨ | અ.નિ. સાં.યો. ધોળીબાના નિમિત્તે, સાં.યો. રાજકુંવરબા, સાં.યો. ઉષાબા (મોતીયા લાડુ) | મોરબી |
| અષાઢ વદ-૧૩ | પટેલ વિપુલભાઈ કેશવલાલ (ચુરમાના લાડુ) | વાવોલ |
| અષાઢ વદ-૧૪ | અ.નિ. વેકરીયા પ્રેમજીભાઈ વાલજી (ચુરમાના લાડુ) | નાઈરોબી |

### નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

**જેતલપુર :** www.jetalpurdarshan.com
**છપૈયા :** www.chhapaiya.com
**નારણઘાટ :** www.narayanghat.com
**પ્રયાગ :** www.prayagmilan.org
**ઈડર :** www.gopinathjiidar.com
**મહેસાણા :** www.mahesanadarshan.org
**ટોરડા :** www.swaminarayanmandirtorda.com
**વડનગર :** www.swaminarayanmandirvadnagar.com
**અયોધ્યા :** www.ayodhyaswaminarayanmandir.com
**નારણપુરા :** www.sankalpmurti.org
**ધોળકા :** www.swaminarayanmandirdholka.co.in

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૫૦૧/- કાચા ટેલર પરિવાર કાચા લક્ષ્મણભાઈ, રમણીકભાઈ, મુરજીભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર, પ્રકાશ એમ. કપીલ, સૂરજ, કુલદિપ, આકાશ, કર્નલ, પૃથ્વીરાજ ચૌહાણ, સહજ, વિહાન, જીયાન આદિ પરિવાર — લેસ્ટર
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા — ઈસ્ટ લંડન-ફોટડી (કચ્છ)
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપાઅર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા — ઈસ્ટ લંડન-ફોટડી (કચ્છ)
૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ અને ધર્મકુળ પ્રસન્નાર્થે — ઈસ્ટ લંડન
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૧/- વીણાબેન અ.નિ. પટેલ મનુભાઈ શનાભાઈ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૦/- અ.નિ. પટેલ ભીખાભાઈ જગદીશભાઈ પુણ્યતિથિ નિમિત્તે — દહેગામ
૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે — જાબુંડાવાળા
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-નાઈરોબી
૧૦૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૧૦૦/- અ.નિ. પટેલ ભીખાભાઈ જે. પુણ્યતિથિ નિમિત્તે — દહેગામ
૨૦૦/- પટેલ છનાભાઈ પ્રહલાદભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ઝુલાસણ
૫૦૦/- પટેલ નટવરભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — સાબરમતી
૧૦૦/- કોઠારી બળદેવભાઈ વિસાભાઈ પટેલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ડાંગરવા
૧૫૧/- પટેલ વિસાભાઈ ચતુરદાસ શ્રીજી પ્રસન્નાર્થે — ડાંગરવા
૧૦૦/- એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૨૦૦/- અ.નિ. પટેલ ગોવિંદલાલ અમથારામ પુણ્ય તિથિ નિમિત્તે — કોઠા
૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ કેશાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — વહેલાલ
૧૦૦/- પટેલ દક્ષાબેન વિષ્ણુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — વહેલાલ
૧૦૦/- મોદી પરેશભાઈ મુકુંદભાઈ (ઓચ્છવીયા) અષાઢ વદ-૧૧ નિમિત્તે — સુભાષબ્રીજ
૧૦૧/- સોની હેતલબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૧૦૧/- અડાલજા બાબુભાઈ મોહનભાઈ કોરોનામાં શ્રીજી મહારાજે રક્ષા કરી તે નિમિત્તે — રતનપર
૧૦૧/- અડાલજા કંચનબેન બાબુભાઈ કોરોનામાં શ્રીજી મહારાજે રક્ષા કરી તે નિમિત્તે — રતનપર
૧૦૧/- અડાલજા નિલેશ બાબુભાઈ કોરોનામાં શ્રીજી મહારાજે રક્ષા કરી તે નિમિત્તે — રતનપર
૧૦૧/- અડાલજા તૃપ્તિબેન નિલેશભાઈ કોરોનામાં શ્રીજી મહારાજે રક્ષા કરી તે નિમિત્તે — રતનપર
૧૦૧/- અડાલજા શૈલેષભાઈ બાબુભાઈ કોરોનામાં શ્રીજી મહારાજે રક્ષા કરી તે નિમિત્તે — રતનપર
૧૦૧/- અડાલજા કિરણબેન શૈલેષભાઈ કોરોનામાં શ્રીજી મહારાજે રક્ષા કરી તે નિમિત્તે — રતનપર
૨૦૦/- મોદી મહેન્દ્રભાઈ ચિ. દર્શને કેનેડામાં ઘર લીધું તે નિમિત્તે — બોપલ
૨૦૦/- મોદી મહેન્દ્રભાઈ ચિ. વિરલે કેનેડામાં ઘર લીધું તે નિમિત્તે — બોપલ
૫૦૦/- ચુડાસમા નિતુભા હઠુભા શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ઝિંઝર

## અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવ આદિ દેવોના થાળ-રસોઈની યાદી

| વિગત | થાળ | રસોઈ |
|---|---|---|
| ચુરમાના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| બુંદીના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોતીયા લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોહન થાળ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશ-પુરી | રૂા. ૨,૦૦૦/- | |
| માલપુવા | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૧,૦૦૦/- |
| દુધપાક પુરી | રૂા. ૨,૩૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| અડદીયાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| સાટાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૧,૦૦૦/- |
| શીખંડ પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૭,૦૦૦/- |
| ડ્રાયફ્રુટ હલવો | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| બાસુંદી પુરી | રૂા. ૨,૭૦૦/- | રૂા. ૧૭,૦૦૦/- |
| દૂધપાક-માલપૂવા | રૂા. ૨,૭૦૦/- | રૂા. ૧૪,૦૦૦/- |
| ગુલાબ જાંબુ | રૂા. ૩,૩૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| મૈસુબ | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| કાજુ બદામ મૈસુબ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૧૭,૦૦૦/- |
| સત્તર ધામનો થાળ | રૂા. ૨,૫૦૦/- | |

**કાયમી અનામત થાળ રૂા. ૫,૦૦૧/-**
**તથા રૂા. ૧૦,૦૦૦/-**
**ઠાકોરજીના સાંજના થાળના રૂા. ૫૦૦/-**

**Mo. : 8238001666**

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

# પવિત્ર શ્રાવણમાસ માં આપણા વિવિધ મંદિરોમાં હિંડોળા દર્શન


























૧. ઓકલેન્ડ-ન્યુઝીલેન્ડ મંદિરમાં ઠાકોરજીને ફૂલોથી કલાત્મક શણગાર. ૨. જેતલપુર મંદિરમાં ગુરૂપૂર્ણિમાએ ગુરૂ પૂજનની આરતી કરતા સંતો.
૩. ૫મી ઓગસ્ટે અયોધ્યામાં રામ મંદિરના ખાતમુહૂર્ત પ્રસંગે ખાસ ઉપયોગમાં લેવા શ્રી સ્વામિનારાયણ ભગવાનના જન્મ સ્થળ છપૈયાથી શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણરજથી પાવન ભૂમિની માટી અને નારાયણ સરોવરનું જળ અયોધ્યા મોકલવામાં આવેલ.

Registered under RNI Is-GUJ GUJ 2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC - 003/2018-2020 Valid up to 31-12-2020 issued by the SSPO's License to post without Prepayment No.PMG/HQ/028/2018-20 valid upto 31-12-2020



અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવને કેસર સ્નાનના દર્શન



પવિત્ર શ્રાવણ માસમાં અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના ગર્ભગૃહમાં આવેલ
શિવલીંગની પૂજા - આરતી કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી

**કોરોનાકાળ બાદ મંદિર દર્શનાર્થે ખુલ્લા મુકવાની તારીખ ટૂંકમાં આપ સૌને વિદિત કરવામાં આવશે.**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સવલત માટે
ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશીયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકાશે.
htpp://www.swaminarayan.in/donation

Praful Kharsani